
સળંગ અંક ૮૯ ● સપ્ટેમ્બર ૨૦૧૪

કિંમત ₹ ૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક


પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



શ્રી સ્વામિનારાયણ મંદિર
લુઈસવીલ-કંટકી (અમેરિકા)
મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પૂજન કરતાં
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



















૧. કોલોનિયા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અભિષેક દર્શન. ૨. બાયરન મંદિરમાં અમેરિકન ચલણના ભવ્ય હિંડોળા દર્શન. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટ પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતાં યજમાનશ્રીઓ અને કેન્સર જાગૃતિ માટેની દોડ અંતર્ગત હરિભક્તોને દર્શન આપતાં પ.પૂ. મહારાજશ્રી. ૪. શિકાગો મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટામહારાજશ્રીની નિશ્રામાં સંતોની વિશાળ સભામાં કથા પારાયણ કરતાં વક્તાશ્રી તથા ઉદ્‌બોધન કરતાં મહંત સ્વામી. ૫. નારણપુરા મંદિરમાં કથામૃત પાન કરાવતા મહંત સ્વામી. ૬. જેતલપુર મંદિરમાં પારાયણ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે જેતલપુર મંદિરની મોબાઈલ એપ્લીકેશન (એપ્સ) લોન્ચ કરાઈ. ૭. કાકંરિયા મંદિરમાં સિધ્ધેશ્વર મહાદેવની યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૮ ● અંક : ૮૯**

**સપ્ટેમ્બર-૨૦૧૪**

**(મૂળ વર્ષ ૪૭)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ભગવાનના પાંચ ભેદ | ૦૬ |
| ૦૪. | પ્રસાદીના પત્રોનું આચમન | ૦૮ |
| ૦૫. | શ્રીહરિની પ્રાગટ્યભૂમિ છપૈયાનો અલૌકિક મહિમા | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૨૧ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૫ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

આપણા ઈષ્ટદેવ શ્રીહરિ ખૂબજ દયાળુ અને કરુણાસાગર છે. જેના પર રાજી થાય તેને અઢળક સુખ આપી દેતા. આવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા છે. આ કળિયુગમાં ભગવાન થોડી ભક્તિથી પણ રાજી થઈ જાય છે. પણ ભગવાન શ્રીહરિનો દૃઢ આશરો જોઈએ. આ મને મળ્યા એ સર્વોપરી સર્વાવતારના અવતારી ભગવાન છે. આવી મનમાં દૃઢ ગાંઠ બંધાય જાય ત્યારે તેને કાંઈ કરવાનું રહેતું નથી. હજારો લાખો વર્ષ પહેલા ઋષિમુનિઓ ભગવાન મેળવવા હજારો વર્ષ કઠીન તપ કરતા છતાં પણ તેમને ભગવાન મળતા નહીં. આપણા તો અહો ભાગ્ય છે જે, આવો સત્સંગમાં મહામૂલો મનુષ્ય જન્મ મળ્યો છે. માટે જેટલું થાય તેટલું ભગવાન ભજી લેવા.

આપણા સત્સંગમાં ઉત્સવો સમૈયાઓ સતત ચાલતા જ હોય છે. અયોધ્યા મંદિરમાં શતાબ્દી મહોત્સવ, આગામી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નો ૪૨ મો પ્રાકટ્યોત્સવ કલોલ ખાતે દશેરાના દિને ઉજવાશે. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ ૨૪ ડિસેમ્બર-૨૦૧૪ થી ૨૮ ડિસેમ્બર-૨૦૧૪ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષતામાં ઉજવાશે. દેશ વિદેશના હરિભક્તોએ આવા મહોત્સવમાં જરૂર લાભ લેવો. મહારાજે સમૈયાનું આયોજન એટલે જ કર્યું છે. જે, ગમે તેવા જીવને પણ અંતકાળે સમૈયાના દર્શન કર્યા હોય અને તે યાદ આવે તો તેનું અતિ રૂડું થાય. આપણે તો તેના આશ્રિત છીએ આપણું તો રૂડું તો થાય પણ અક્ષરધામનું સુખ પણ મળે. માટે વ્હાલા ભક્તો આવા મહોત્સવ સમૈયાના દર્શન જરૂર કરજ્યો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૧૪)





જુલાઈ ૩૧ થી ૨૦ ઓગસ્ટ ગત અંકમાં કાર્યક્રમ પ્રકાશિત થયો છે)

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭ ઓગસ્ટથી ૧૯ સપ્ટેમ્બર-૨૦૧૪
શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (અમેરિકા) પાટોત્સવ, અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાં સત્સંગ પ્રચારાર્થે વિચરણ, ટોરેન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી, સત્સંગ સભા તથા કેનેડાના નવા અન્ય ચેપ્ટરોમાં સત્સંગ સભા ને વિચરણ.

૧૬ થી ૧૮ સપ્ટેમ્બર શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા (યુ.પી.) શતાબ્દી મહોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ઉજવાયો.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (ઓગસ્ટ-૨૦૧૪)

૧૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પધરામણી. રાત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ રાત્રે ૯ થી ૧૨ કીર્તન ભક્તિ કાર્યક્રમમાં પધાર્યા અને જન્મોત્સવની આરતી પોતાના વરદ્ હસ્તે થઈ.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા સિધ્ધેશ્વર મહાદેવના અભિષેક આરતી પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં શ્રી ગણેશ ચતુર્થી પ્રસંગે શ્રી ગણેશજીની આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર સત્સંગ સભામાં પધરામણી.

# ભગવાનના પાંચ ભેદ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



શ્રીજી મહારાજે લોયા-૧૮ માં કહ્યું કે ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહા કઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતા બીક લાગે છે જે, શુ જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ? એ વાર્તા કર્યા વિના ચાલતુ નથી. એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે'' એમ કહીને આગળ કહ્યું કે, ''ભગવાન સચ્ચિદાનંદરૂપ છે ને તેજોમય મૂર્તિ છે. અનંતકોટી બ્રહ્માંડના પતિ છે, રાજાધિરાજ છે. સર્વના નિયંતા છે. સર્વના અન્તર્યામી છે અને અતિશય સુખ સ્વરૂપ છે. સદા દ્વિભૂજ છે ને પોતાની ઈચ્છાથી ક્યારેક ચતુર્ભુજ, અષ્ટભૂજ, સહસ્રાભુજ પણ દેખાય છે અને તેજ ભગવાન મત્સ્ય, કચ્છ વરાહાદિરૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે. પણ જે એ પોતાનું મૂળ સ્વરૂપ છે તેને તજીને એ અવતાર ધારણ કરતા નથી. તેજ ભગવાન પોતે અનંત ઐશ્વર્યને અનંત શક્તિ સહિત જ મત્સ્ય કચ્છાદિક રૂપને ધારણ કરે છે.''

એવી રીતે એ પરબ્રહ્મ ભગવાન કાર્યવશાત્ અનન્ત અવતારો ધારણ કરે છે. આ વિષયમાં શાસ્ત્રકારોએ સર્વ શાસ્ત્રોના ચિંતન રહસ્ય સાર રૂપે પાંચ સ્વરૂપે પરમાત્માનું વર્ણન કરેલ છે. ભગવાનની લીલાને કોઈ પાર પામી શકતું નથી. તેમ છતાં ભગવાન વેદવ્યાસ રચિત શાસ્ત્રોના મતે પાંચ ભેદને સર્વ સંપ્રદાયો સર્વમતોમાં સર્વ માન્ય છે.

**(૧) પર (૨) વિભવ (૩) વ્યૂહ (૪) અર્ચા (૫) અન્તર્યામી.**

**(૧) પર** : પર સ્વરૂપ પોતે સ્વયં સ્વતંત્ર સર્વકર્તા નિયામક મૂળ સ્વરૂપ, અક્ષરાદિકના નિયંતા, પૂર્ણ પુરુષોત્તમ, પરબ્રહ્મ પરમાત્મા, અવતારી અક્ષરધામાધિપતિ.

**(૨) વિભવ** : વિભવ એટલે રામકૃષ્ણ મત્સ્ય કચ્છ વરાહ કપિલ દત્તાત્રેય નરનારાયણ આદિ ૨૪ અવતારોરૂપે તેમાં પણ છ ભેદ કહ્યા છે (૧) અંશ (૨) આવેશ (૩) વિભૂતિ (૪) કળા (૫) પૂર્ણ (૬) પરિપૂર્ણ. આ છ ભેદ હોવા છતાં સમર્થપણું જણાવા ન દેતાં એ પરબ્રહ્મની લીલા જાણવી. પરંતુ સ્વરૂપમાં ભેદ નથી. રૂપમાં ભેદ જણાય પણ સ્વરૂપમાં ભેદ ન જાણવો.

**(૩) વ્યૂહ** : વ્યૂહ અવતારોમાં વાસુદેવ, પ્રકૃતિ પુરુષ, પ્રધાન પુરુષ, વૈરાજ પુરુષ, સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, ત્રિગુણાત્મક ગ્રહણ કરીને સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ લયના કાર્યમાં જે રહ્યા છે. જેવો ગુણ ગ્રહણ કર્યો હોય તેવી લીલા કરે તથા જીવને નાના પ્રકારની સંસૃતિમાં સુખ દુઃખના દાતા પુરુષરૂપે પુરુષોતમ સ્વયં જેમાં રહ્યા છે તે વ્યૂહ સ્વરૂપ છે.

**(૪) અર્ચાવતાર** : અનેક પ્રકારની પ્રતિમાઓને અર્ચાવતાર કહેવાય. એ પ્રતિમાઓ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં આઠ પ્રકારની માન્ય છે. (૧) ધાતુ - તાંબુ - પિતલ - ચાંદી - સુવર્ણ - કાંસુ (૨) પાષણ - સફેદ - કાળો પથ્થર આરસ અને અન્ય પથ્થરની (૩) કાષ્ટ - લાકડાની (૪) ચિત્રની - કાપડ - કાગળ ઉપર કુદરતી વનસ્પતી જન્ય રંગોથી બનાવેલી (૫) લીંપેલી ચંદન - માટી - ગારા આદિથી દિવાલ પર કે પાત્ર પર લીંપીને આકારેલી જેમ લગ્નાદિ માંગલિક પ્રસંગે દિવાલમાં ગણેશાદિ મૂરતિયોને લીંપન કરવામાં આવે છે. (૬) રેતી - રેતીમાં કોઈ પદારથ ભેળવીને અથવા શુદ્ધ માટીમાં આકાર કરેલી. (૭) મણીમયી - હિરા માણેક મણી નિલમણી, રુકમણી, શ્વેતમણી (૮) મનોમયી - પોતાના મનની કલ્પનાએ કરીને પૂજા ધ્યાન સમયે કલ્પનાનો આકાર પણ પ્રત્યક્ષ રૂપ થાય છે. પોતાના હૃદયાકાશમાં ધારણ કરેલી અથવા નેત્રમાં અથવા સન્મુખ ધારણ કરેલી અથવા અન્યત્ર અગમ સ્થળે કલ્પના કરેલી જેમ અક્ષરધામનું વર્ણન સાંભળીને તેની કલ્પના કરી અક્ષરધામાધિપતિના સ્વરૂપની ધારણા કરીને સેવા પૂજા કરવી એને મનોમયી કહેવાય. આ અષ્ટ પ્રકાર સિવાયની

પ્રતિમાઓની પૂજા સેવા કરવી નહિ. આજની ટેકનોલોજીમાં જાત ભાત તરેહ તરેહની મૂર્તિઓ લોકો પૂજવા લાગ્યા છે. મુમુક્ષુઓએ ભાગવતમાં કહેલી અષ્ટ પ્રકારની હોય તોજ પૂજવી. હમણાં હમણાં રસાયણની ફાયબર ઓપ્ટીકની મૂર્તિઓનો પ્રચાર ખૂબજ વધ્યો છે. આવી મૂર્તિઓ અષ્ટ પ્રકારમાં એકમાં પણ ગણાતી નથી. માટે સુજ્ઞ લોકોએ જ્યાંથી લાવ્યા હોય ત્યાં પાછી આદર સહિત પરત કરી આવવી. આઠ પ્રકાર સિવાયની મૂર્તિ ન પૂજાય. તેનો ભગવાન વ્યાસજીએ અને શ્રીજી મહારાજે ગઢડા મ. ૪૮ માં અને ૬૮ માં વિવેચન કરીને સ્પષ્ટ નિષેધ કર્યો છે. ભગવાનનું દિવ્ય ચૈતન્ય અષ્ટ પ્રકારની મૂર્તિમાં જ અખંડ નિવાસ કરે છે. આપણો ભાવ હશે તો ચાર આંગળની મૂર્તિમાંય અક્ષરધામના અધિપતિ બિરાજશે પણ ફાઈબરની મૂર્તિ તો સર્વથા સર્વદા સદાય સર્વત્ર વર્જનીય છે. તે રસાયણમાં જે દ્રવ્યો ભેળવવામાં આવે છે તેની વધુ માહિતી તો કેમિકલના નિષ્ણાંતો જ આપે. ઈષ્ટદેવનું સ્વરૂપ તથા પ્રસાદીના મંદિરોના સ્વરૂપની ચિત્ર પ્રતિમાની ઘર મંદિરમાં પૂજા કરવી.

**(૫) અન્તર્યામી :** સર્વ જીવના હૃદયમાં કર્મ ફળ ભોગવવા માટે અન્તર્યામી સ્વરૂપે ભગવાન બિરાજમાન છે. જીવને જાગ્રત-સ્વપ્ન સુષુપ્તિ જેવી અવસ્થાઓમાં લઈ જાય છે અને કર્મફળ આપવાનું કામ જીવ જીવ પ્રત્યે રહેલા અન્તર્યામી ભગવાન કરે છે. મા જેમ નાના બાળકને ભોજન જમાડે છે એમ જીવ જીવને અન્તર્યામી ભગવાન તેના જ કર્મના ફળનો પ્રબંધ કરી આપે છે. અવસ્થાઓ એટલી બધી વિકટ છે કે સ્વતંત્ર રીતે જીવ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જઈ શકતો નથી. જેમ રાત્રે સુષુપ્તિ અવસ્થામાં હોય તેને જાગૃત અવસ્થામાં લાવવા અન્તર્યામી કૃપા કરે તો જ જાગૃત અવસ્થામાં આવી શકે છે.

આ પ્રમાણે શાસ્ત્રોમાં ભગવાનના અવતારોને સંક્ષેપમાં વર્ણવેલા છે. તમામ સંપ્રદાયો આ પ્રકારના ભેદને સ્વીકારે છે. આપણાં સંપ્રદાયમાં પણ સ્વીકારમાં આવેલ છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં આવા પ્રકારના ભેદને યથાર્થ અનુમોદન આપ્યું છે. જે વાતની આપણા ઈષ્ટદેવ સહમતિ આપે તે આપણા માટે કલ્યાણકારી છે.

ગ.પ્ર. ૭ અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા, માયાના કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રી કૃષ્ણ ભગવાનને અન્તર્યામી કહેવા એ ભગવાનનું અન્વયપણુ છે. "ગ.પ્ર. ૧૩ માં શ્રીકૃષ્ણ ભગવાન પોતાની શક્તિ તેણે સહિત જીવ જીવ પ્રત્યે અન્તર્યામી રૂપે રહ્યા છે. ગ.પ્ર. ૪૧ પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિઓ તેમને વિષે કારણપણે અન્તર્યામીરૂપે કરીને ન્યુનાધિક ભાવે પ્રકાશ કરે છે.

ગ.પ્ર. ૫૨ એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે તે જ વાસુદેવ સંકર્ષણ અનિરૂદ્ધ, એ ચતુર્વ્યૂહ રૂપે થાય છે. ગ.પ્ર.-૬૬ અને ૭૮ અને લોયા-૭ માં ચતુર્વ્યૂહની વાત કરી છે. લો-૪ માં ભગવાનની મૂર્તિતો સદા એક સરખી છે તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે. અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે એટલો પ્રકાશ કરે છે. લો-૧૪ માં પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકાર થકા વિરાજમાન છે ને તે સર્વે જે અવતાર તે તેના છે. ગ.મ. ૧૩ સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. વડતાલ-૨, ૧૮ તેજ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ એ ચતુર્વ્યૂહ રૂપે વર્તે છે આવા પાંચેય ભેદનું નિરુપણ વચનામૃતમાંથી મળશે. આવા પરબ્રહ્મ પરમાત્માના પાંચ ભેદ છે.

## દીપોત્સવી કાર્યક્રમ

આસો સુદ-૯ ને શુક્રવાર તા. ૩-૧૦-૧૪ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ મંગળવાર તા. ૨૧-૧૦-૨૦૧૪ મહાલક્ષ્મીપૂજન બપોરે ૩-૧૬ થી ૪-૪૨ તથા સાંજે ૯-૦૦ થી ૧-૫૦ કલાકે

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ બુધવાર તા. ૨૨-૧૦-૨૦૧૪ હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૬-૪૫ કલાકે

**દિવાળી :** આસો વદ-૩૦ ગુરુવાર તા. ૨૩-૧૦-૨૦૧૪ **સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન** સાંજે ૬-૪૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સમૂહ શારદા પૂજન વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૧** કારતક સુદ-૧ શુક્રવાર તા. ૨૪-૧૦-૨૦૧૪ **ગોવર્ધન પૂજા**

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**
**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**
**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**મૂળ પત્ર :**

**આચાર્ય પાંડે કેશવપ્રસાદજી**
**અયોધ્યાપ્રસાદજી મહારાજ**

શ્રી નરનારાયણદેવના ચરણકમલ સમીપ શુભ સ્થાન શ્રી અમદાવાદથી લિખાવિંત આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ અયોધ્યાપ્રસાદજી મહારાજ ॥ શ્રી શ્રી

॥ સ્વસ્તિ શ્રી ઝાલાવાડ દેશ મહાશુભ સ્થાને ઉત્તમોત્તમ પરમ પવિત્ર શ્રી પ્રત્યક્ષ પુરુષોત્તમ ચરણકમલોપાસક શ્રીજી મહારાજકૃત મર્યાદાપાલક એવં સર્વ શુભ ઉપમા યોગ્ય હરિભક્ત બાઈભાઈ સમસ્ત અમારા જયશ્રી સ્વામિનારાયણપૂર્વક શુભાશીર્વાદ વાંચવા.

અત્ર શ્રીજી મહારાજના પ્રતાપથી કુશલ છે ને તમારી કુશલતાનો પત્ર લખવો. બીજું વિશેષ લખવા કારણ એ છે જે તમારા સર્વેની શુભ વાસનાની વૃદ્ધિને અર્થે ને અશુભ વાસનાની નિવૃત્તિને અર્થે સર્વે હરિભક્તે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વરસોવરસ પોતપોતાના નામનો ધર્માદો આપવો. તે નામના ધર્માદાને ઉઘરાવવા સારુ સાધુ ત્યાગવલ્લભદાસજીનું મંડલ મોકલ્યું છે. તેમને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે ઉઘરાવી આપજો તે અમોને પહોંચશે. ને જેણે નામ લખાવ્યું ન હોય તેમણે પોતાનું નવું નામ લખાવવું એમાં શ્રીજી મહારાજની અતિ પ્રસન્નતા છે. ને પોતાના ગામમાં મંદિર વિગેરે હરેક ધર્મસંબંધી કાર્ય આવે તેમાં નામનો ધર્માદો વાવરવો નહિ એવી શ્રીજી મહારાજની આજ્ઞા છે તેમાં ફેર પાડવો નહિ. ને નિત્ય પ્રત્યે મંદિરમાં આવવું ને કથાવાર્તા ભજન સ્મરણનો અભ્યાસ રાખવો. ને આ પત્રની અવધિ સંવત ૧૯૩૩ ના કારતક સુદી-૧૫ થી લઈને સંવત ૧૯૩૪ ના કારતક સુદી-૧૫ પર્યંત છે. તાર પછે આ પત્ર માનવો નહિ. લિખિતં પુરાણી ખુશાલ પ્રભુરામના જયશ્રી સ્વામિનારાયણ વાંચજ્યો. સંવત ૧૯૩૩ ના કાર્તિક સુદી-૧૫

**વિવરણ :** સંપ્રદાયમાં આશ્રિત માત્રના અન્ન-વસ્ત્રની જવાબદારી શ્રીહરિએ સ્વયં સ્વીકારેલી છે અને તેથી આપણે તો પ્રભુ ભજન કરીને સદા આનંદમાં રહેવાનું છે. આ લોકમાં વ્યવહાર ચલાવવાને અર્થે ધનની આવશ્યકતા છે. દરેકને તેના કર્મના અનુસંધાને અને પુરુષ પ્રયત્નના યોગે કરીને ધનની પ્રાપ્તિ થાય છે. આ લોકમાં શ્રીહરિનો આશ્રિત ધનના અભાવે દુઃખી ન થાય તેથી શ્રીહરિએ અતિ સુંદર આજ્ઞા શિક્ષાપત્રીમાં કરી જે પોતાની ઉપજમાંથી દશાંશ ભાગ શ્રીકૃષ્ણાર્પણ ધર્માદાય કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેણે વિશાંશ ભાગ અર્પણ કરવો. વડીલ સંતો કહેતા કે જો આપણે આર્થિક પરિસ્થિતિ સધ્ધર કરવી હોય તો, તમામ પરિસ્થિતિઓમાં દશાંશ ભાગ ધર્માદાય અચૂક કરવો.

ભગવાન તો રાજાધિરાજ છે તે કોઈનું કશું લેવા બેઠાં નથી તે તો સદાય આપવા માટે જ ઉભા છે. કણ લઈને મણ આપે છે પણ તે તો માત્ર આપણો ભાવ નિહાળે છે. આ જીવ જો ક્ષણભર લોભ મોહ ત્યજી દે અને જો યથાયોગ્ય ધર્માદો કરે તો શ્રીહરિ તેને ક્યારેય ધનની દુર્બળતા આવવા દેતા નથી. આ ધર્માદામાંથી શિખરબંધ મંદિરોનો નિભાવ થાય છે. મંદિરમાં બિરાજતા દેવોની પૂજન-અર્ચનની જવાબદારી આચાર્યશ્રીની છે અને તેઓ આ જવાબદારી નિભાવવા માટે પવિત્ર, વિદ્વાન અને તપોનિધિ બ્રહ્મચારીની યથાયોગ્ય નિમણુંક કરીને તે સુપેરે સેવા-પૂજા કરે-કરાવે છે અને તેમાં ધર્માદામાં આવેલ અન્ન, દ્રવ્ય, વસ્ત્ર અનુકુળતા પ્રમાણે વપરાય છે. સુજ્ઞ હરિભક્ત માત્રે એ વિચારવું ઘટે કે આ કાળઝાળ મોંઘવારીના યુગમાં, આપણે આપણું એક ઘર પણ ચલાવવામાં અતિશય મુશ્કેલી અનુભવીએ છીએ. જ્યારે શ્રીહરિના આ મંદિરોમા મોટા ઉત્સવો, સમૈયાઓ, રોજબરોજનો વહીવટ, મંદિરની ગૌશાળા, સંતો-પાર્ષદોનો રોજબરોજનો ખર્ચ, આટલી મોટી સંસ્થાઓના લાઈટબીલ, પાણીવેરો સરકારી વેરાઓ વિગેરે ઉપરાંત તીર્થવાસીઓને અર્થે રસોડાનો ખર્ચ, તેમના ઉતારા વગેરેનો ખર્ચ વિગેરે કેટલો ખર્ચ થાય ! શ્રીહરિ જ આ ખર્ચાને પૂરા

પાડે છે. આમ હરિભક્તે સમજવું ઘટે કે આપણા ધર્માદામાંથી આપણે સુંદર દેવદર્શન થાય અને તેણે કરીને આપણો જીવ બળને પામે. માટે આપણે ધર્માદો ચોખ્ખો કરવો જરૂરી છે.

આ ઉપરાંત દરેક સત્સંગી બાઈભાઈ, ત્યાગી-ગૃહીને આધ્યાત્મ માર્ગે આગળ વધવા માટે, શ્રીહરિએ સ્વયં આપણા ગુરુપદે ધર્મવંશી આચાર્યશ્રીનું સ્થાપન કર્યું. આપણે તેઓ પાસેથી મંત્રદીક્ષા લઈને શ્રીજી આજ્ઞા પાળીએ ત્યારે જ સ્વામિનારાયણના સાચા આશ્રિત થયા કહેવાઈએ અને તેવા આશ્રિતના કલ્યાણની જવાબદારી આચાર્યશ્રી સ્વીકારે છે. પોતાની મેળે માળા કંઠી તિલક ચાંલ્લો કરી લેવાથી આત્યંતિક કલ્યાણ થતું નથી તે વાતનું નિત્યે અનુસંધાન રાખવું. ધર્મવંશી આચાર્યશ્રી થકી મંત્રદીક્ષા એ આત્યંતિક કલ્યાણ માટેની પૂર્વ શરત છે. અને ત્યાર પછી તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે, શિક્ષાપત્રીની સર્વે આજ્ઞાઓ અનુસાર નિરંતર વર્તીને શ્રીહરિની ઉપાસના કરવી પડે અને તો જ આત્યંતિક કલ્યાણ થાય. મંત્રદીક્ષા લીધી હોય અને ક્યારેક આપત્‌કાળ વશાત્ કોઈક આજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય તો પ્રાયશ્ચિત કરીને પાછું શુધ્ધ થઈને જવાય. પરંતુ જો મંત્રદીક્ષા ધર્મવંશી આચાર્ય થકી લીધી ન હોય તો આજ્ઞા બધી પાળીએ તો પણ આત્યંતિક કલ્યાણ થાય નહિ એ સિદ્ધાંત વાર્તા છે.

આચાર્યશ્રીને ગુરુ દક્ષિણા પેટે આપણે દર વર્ષે માથાદીઠ આઠ આના નામવેરો તેઓશ્રીને આપવો તેવી શ્રીજી મહારાજની આજ્ઞા છે. હાલના સમયમાં આ આઠ આનાની રકમને બદલે દસ રૂપિયાની રકમ ઠરાવવામાં આવી છે. આજથી બસો વર્ષ પહેલાં સામાન્યતઃ સરેરાશ વાર્ષિક આવક રૂા. ૧૦૦ હતી અને આઠ આના નામવેરો હતો. અર્થાત્ વાર્ષિક આવકના ૦.૫% થાય. આજે આપણે આપણી વાર્ષિક આવકના ૦.૫% નામવેરો ભરવો જોઈએ પણ શ્રી સ્વામિનારાયણના મંદિરો અને ધર્મવંશી આચાર્યો પૈસા ઉઘરાવવા માટે બેઠા નથી તેઓ તો કલ્યાણનું સદાવ્રત ખોલી બેઠા છે. તે માત્ર શ્રીજી આજ્ઞાના અનુસંધાન માટે દસ રૂપિયા જેવી ક્ષુલ્લક રકમ લઈને પણ ખૂબ રાજીપા સાથે આશિષની હેલી વરસાવે છે.

સત્સંગી દીઠ વાર્ષિક નામવેરાની રકમ અર્પણ કરવી જોઈએ. સંપ્રદાયમાં આજે પણ જે કુટુંબોમાં ઢોરઢાંખર રાખવામાં આવે છે તેવા ઘણા સમજુ શાણા સત્સંગીઓ પોતાના પશુદીઠ પણ નામવેરાની રકમ અર્પણ કરે છે. આ સમજણને ધન્ય છે. જે જીવ આપણા યોગમાં આવે, તે સર્વેને ધર્મવંશી આચાર્યશ્રીના શરણે લઈ જવાથી આપણું ને તે જીવનું નિશ્ચે શ્રેય થાય છે. શ્રીજી આજ્ઞા અનુસારે આ નામવેરાની રકમ ધર્મવંશી આચાર્યશ્રીની અંગત છે. તેથી જો કદાચિત આપણે આ રકમ આપવાનું ચૂકી જઈએ તો તેટલે અંશે આપણે ધર્મવંશી આચાર્યશ્રીના દેવાદાર થઈએ અને વ્યવહાર માર્ગે આ પરિસ્થિતિ અતિ ગંભીર છે. આપણે જાણે અજાણે પણ આચાર્યશ્રીના ભાગની રકમ ખાઈએ ત્યારે આપણી હાલત શું થાય તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તેથી ખટકો રાખી, પ્રતિવર્ષ, ઘરમાં મનુષ્ય હોય તે સર્વેના માથાદીઠ, શ્રધ્ધા તીવ્ર હોય તો પશુ દીઠ પણ ગણતરી કરીને વર્ષની શરૂઆતમાં જ નામવેરાની રકમ ધર્મવંશીને પહોંચતી કરવામાં આપણું શ્રેય છે.

વળી આ કરવાનું મુખ્ય કારણ એ છે જે તે આપણી શુભ વાસનાની વૃદ્ધિ કરે છે અને અશુભ વાસનાની નિવૃત્તિ કરે છે. એક માત્ર શ્રીજી આજ્ઞા પાળવાનો ખટકો, વિશ્વાસ કેટલું મોટું કામ કરે છે. વાસના નિર્મળ કરવાના લાખો ઉપાયો સામે આ સરળ સસ્તો કહેલો અને રામબાણ ઉપાય છે .અશુભ વાસનાની નિવૃત્તિને અર્થે અનેક વ્રત ઉપવાસ, નિયમ આદિક કરે તો પણ સંપૂર્ણ સફળતા મળતી નથી. ત્યારે શ્રીહરિએ દર્શાવેલ આ આજ્ઞાનું પાલન ખટકો રાખીને કરવાથી, ધર્મવંશીના શુભાશીર્વાદથી અશુભ વાસનાની જરૂર નિવૃત્તિ થાય છે.

નામવેરો ઉઘરાવવા પહેલાં ત્યાગીઓનું મંડળ નિયુક્ત કરીને મોકલવામાં આવતું. પણ સુજ્ઞ હરિભક્તે વિચાર કરવો કે પહેલાં હરિભક્તોની સંખ્યાના પ્રમાણમાં ત્યાગીઓની સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં હતી. અત્યારે તો સંપ્રદાયનો ફેલાવો ખૂબજ થવાથી દેશવિદેશમાં હરિભક્તો વસે છે. ઠેર ઠેર શ્રીહરિના મંદિરો છે. પણ સંતોની સંખ્યા પ્રમાણમાં ઘણી મર્યાદિત છે અને તે સૌ મંદિરોની અનેક અન્ય પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. તેથી આજના યુગમાં હરિભક્ત માત્રે, ઉઘરાણી કરવા કોઈ આવે તેની રાહ જોયા વગર, પોતાની પવિત્ર ફરજ સમજી નામવેરાની યોગ્ય રકમ જે તે દેશના મુખ્ય ગાદી સ્થાને - અમદાવાદ / વડતાલ - ધર્મવંશી આચાર્યશ્રીને અર્પણ કરવી. આપણે એ સમજવું ઘટે કે, આપણા પૈસાથી આચાર્યશ્રીનું ઘર ચાલતું નથી. પરંતુ તેઓના આશીર્વાદથી આપણું ઘર ચાલે છે / આપણે ક્ષુલ્લક રકમ તેને અર્પણ કરીને બદલામાં આપણા આત્યંતિક કલ્યાણની જવાબદારી તેઓને સોંપીએ છીએ.

વળી આચાર્ય મહારાજશ્રી લખે છે કે, શ્રીજી આજ્ઞા પ્રમાણે તે ઊઘરાવી આપજો. અર્થાત્ આ ધારાધોરણ અન્ય કોઈએ બનાવેલું નથી પરંતુ પરાત્પર પરમાત્માએ પોતે

બનાવેલું છે. અને પરમાત્મા તો આ જીવોના કલ્યાણને અર્થે તો છેક અક્ષરધામમાંથી અહીં આવેલા છે. તે તેમણે કરેલી આજ્ઞાઓ અને જણાવેલ ધારાધોરણો માત્ર આપણા કલ્યાણ અર્થે જ હોય. આપણે અન્ય કોઈના કલ્યાણ અર્થે આજ્ઞા પાળવાની નથી પરંતુ આપણા સુખને અર્થે જ આ આજ્ઞાનું પાલન કરવાનું છે. 'ઉઘરાવી આપજો' શબ્દો સ્પષ્ટ કરે છે કે જે ગામમાં, ઘરમાં મોટેરો હોય તેણે આ રકમ ભેગી કરીને નિયુક્ત કરેલ વ્યક્તિને આપવી પણ જે તે નિયુક્ત કરેલ વ્યક્તિને, દરેક વ્યક્તિઓ પાસે ઉઘરાણી કરવા જવાની ફરજ પાડવી નહી. સત્સંગમાં તો આપણે ગરજુ થઈને રહેવું તો આપણું કલ્યાણ નિશ્ચે થશે જ તેમાં શંકા નથી. આમ ઉઘરાવીને આપેલી રકમ 'અમને પહોંચશે.' ધર્મવંશી આચાર્યશ્રી જ્યારે એમ કહે કે તે અમને પહોંચશે તેના જેવું સુકૃત કરવાનું ભાગ્ય આપણને વારે વારે સાંપડતું નથી. ધર્મવંશી આચાર્યશ્રી તો સ્વયં ભગવાનના પુત્ર છે, પવિત્ર બ્રાહ્મણ છે. સ્વભાવે ગરીબ છે, વિદ્વાન વિપ્ર છે, આવા સુપાત્રને અર્પણ કરવાની તક શ્રીજી આજ્ઞા અનુસારે આપણને આખા વર્ષમાં એક જ વખત મળે છે ! માટે આ આજ્ઞાનું મહત્વ સમજવું અને વિચારવું.

આપણા આચાર્યશ્રીના ચોપડામાં તેઓશ્રીના શિષ્ય તરીકે આપણું નામ અચૂક નોંધાવવું. આ નોંધણી માત્ર અહીં આ લોકમાં થતી નથી પરંતુ તેની નોંધ અક્ષરધામમાં પણ લેવાય છે તે સમજવું. તેમના ચોપડે શિષ્ય તરીકે આપણું નામ લખાય તેથી આપણે મોક્ષ માર્ગના અધિકારી થઈએ. ત્યાર પછી શિક્ષાપત્રી પ્રમાણે રહેવાથી આપણું આત્યંતિક કલ્યાણ નિશ્ચે થાય. જો કોઈ વ્યક્તિ નવો હરિભક્ત થયો હોય તો તેણે નામવેરો અર્પણ કરી આચાર્યશ્રીના ચોપડે પોતાનું નામ જરૂર નોંધાવવું. તેઓશ્રી લખાવે છે કે તેમાં શ્રીહરિની અતિ પ્રસન્નતા છે, કેમ કે શ્રીહરિ અક્ષરધામમાં બેઠા થકા પણ રાજી થાય છે કે આ જીવે તેમનો અવતાર ધારણ કરવાનો દાખડો સફળ કર્યો. એક જીવ પણ કલ્યાણના માર્ગે ચાલવાને માટે એક ડગલું પણ માંડે તો શ્રીહરિ અતિ પ્રસન્ન થકા ઉભા થઈને તેને ભેટવા તત્પર થાય છે. આચાર્યશ્રીના ચોપડે નામ નોંધાવવા માત્રથી શ્રીહરિ અતિ પ્રસન્ન થાય છે તે જો આપણે આપણી જાતને એક વફાદાર, સાચા સત્સંગી તરીકે પ્રસ્થાપિત કરીને ધર્મવંશી આચાર્યશ્રીની નજરમાં રહીએ, તેમના દિલમાં રહીએ, તેમના વચનમાં રહીએ તો શ્રીહરિનો આપણી ઉપર કેટલો બધો રાજીપો થાય ! સુજ્ઞ જને રાજીપો મેળવવાની આવી તક ગુમાવવી નહિ. ઘણા સુકૃતો ભેગાં થયાં હોય ત્યારે જીવનમાં આપણને આવી તક સાંપડે છે તેનો ઉપયોગ કરવો.

પોતાના ગામમાં મંદિર સંબંધી ઘણા ધર્મકાર્ય આવે ત્યારે ખૂબ સ્પષ્ટતા સાથે એ નોંધવું ઘટે કે, હરિભક્તે નામવેરા ધર્માદાની રકમ અન્ય કોઈ ધર્મકાર્યમાં પણ વાપરવી નહી. નામવેરાની રકમ આપણી નથી. તેની ઉપર ધર્મવંશી આચાર્યશ્રીનો હક્ક છે અન્ય કોઈની મિલકત આપણાથી ક્યારેય વપરાય નહિ. નામવેરાની રકમ આચાર્યશ્રીને આપ્યા પછી જો આપણી પહોંચ હોય તો અન્ય ધર્મકાર્ય જરૂર કરવું પણ નામવેરાની રકમમાંથી અન્ય ધર્મકાર્ય કરવું નહિ. આ બધી આજ્ઞાઓ શ્રીજી મહારાજે કરી છે તેના પાલનમાં કાંઈ ફેર પાડવો નહિ. કદાચ સંજોગોને અનુસાર આપણને કાંઈ મુંઝવણ હોય કે કાંઈ સમજાતું ન હોય ત્યારે, વિદ્યમાન આચાર્યશ્રીને બે હાથ જોડીને વિનમ્રપણે નિવેદન કરવું અને તે પછી તેમની મરજી પ્રમાણે વર્તવું તે જ યોગ્ય ઉપાય છે.

હરિભક્ત માત્રે એ જરૂરીથી નોંધવું કે માત્ર રૂપિયા આપીને ચોપડે નામ નોંધાવવાથી કલ્યાણ થતું નથી. તેમ કરવું તે તો કલ્યાણની પૂર્વ શરત છે પરંતુ ત્યારબાદ આચાર્યશ્રી લખાવે છે તેમ, નિત્યપ્રત્યે મંદિરે આવવું ને કથાવાર્તા ભજન સ્મરણનો અભ્યાસ રાખવો. અર્થાત્ દર્શન, કથાવાર્તા ભજન સ્મરણ આદિક નિત્ય પ્રત્યે કરવાં જોઈએ. અભ્યાસ રાખવો એટલ કે નિરંતર રાખવાં જોઈએ. કથાવાર્તા સાંભળવાથી આ જીવમાં રૂડા ગુણ આવે છે. ભજન સ્મરણથી મનની એકાગ્રતા થઈને શ્રીજીની મૂર્તિમાં મન પરોવાય છે, દર્શનાદિકથી ઈન્દ્રિનિગ્રહ થાય છે અને મન બુદ્ધિ ચિત્ત અહંકાર આદિક સૂક્ષ્મ તત્વો પરમાત્માભિમુખ થાય છે અને આવું જીવનપર્યંત કરે ત્યારે આત્યંતિક કલ્યાણ થાય. કલ્યાણને અર્થે આજ્ઞા અને ઉપાસના બંનેનું બળ જોઈએ. સર્વેશ્વર શ્રીહરિની સર્વોપરિપણાની શુદ્ધ ઉપાસના અને શિક્ષાપત્રીની તમામ આજ્ઞાઓનું અક્ષરસહઃ પાલન કરવાથી આત્યંતિક કલ્યાણ થાય છે. આ બધું કરીએ પણ જો ધર્મવંશી આચાર્ય થકી મંત્રદીક્ષા ન લઈએ તેમના ચોપડામાં શિષ્ય તરીકે આપણું નામ ન નોંધાવીએ, પ્રતિવર્ષ નામવેરાની રકમ ન ભરીએ તો આપણું કલ્યાણ ન જ થાય. શ્રીજી આજ્ઞાનું આ હાર્દ આપણે જરૂર સમજવું.

લગભગ ૧૩૫ વર્ષ પહેલાં, અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના બીજા આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ લખાવેલ આ અસલ પત્ર અત્યારે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૧૧ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાં આવેલ છે.



# શ્રીહરિની પ્રાગટ્યભૂમિ છપૈયાનો અલૌકિક મહિમા

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(બાપુનગર)

અક્ષરધામાધિપતિ છપૈયા નિવાસી શ્રી ઘનશ્યામ મહારાજના અપર સ્વરૂપ, શ્રીહરિના આઠમાં વંશજ ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તા. ૨૮-૧૦-૧૪ (લાભ પાંચમ)થી તા. ૫-૧૧-૧૪ સુધી ૯ દિવસની ૧૫ થી ૨૫ વર્ષના યુવાનો માટે દિવ્ય યુવા શિબિરનું આયોજન કર્યું છે. સ્થળની પસંદગી અતિ પવિત્ર છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શિબિરોના માધ્યમથી યુવાનોને સ્વતંત્ર સુખ આપતા આવ્યા છે ત્યાં તો પિતાશ્રીની રાહે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ એજ પ્રકારે બાળકોને તથા હવે યુવાનોને પણ પોતાના સાનિધ્યથી દિવ્ય સુખ આપવાનું શરૂ કરી દીધું છે. શ્રી નરનારાયણદેવની અલૌકિક કૃપાનો આપણા પર મેહ વરસી રહ્યો છે ત્યારે એ મેહમાં સ્નાન કર્યા વિના ઉપરોક્ત વયજૂથમાં આવતા કોઈ યુવાનો કોરા ન રહી જાય, ભીંજાયેલા યુવાનોની વાતો સાંભળીને પાછળથી વસવસો ન રહી જાય તે હેતુથી અત્રે અગાઉથી જ આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના માધ્યમથી છપૈયાપુર માહાત્મ્યનું સંક્ષિપ્ત આલેખન કરેલું છે.

સર્વાવતારી શ્રીહરિએ છપૈયાની પાવનકારી ભૂમિને અગિયાર વર્ષ પર્યંત પોતાના સોળ ચિન્હોવાળા દિવ્ય ચરણોથી અંકિત કરીને અતિ પાવન કરી આપી છે. આ છપૈયાપુરનો તથા નારાયણ સરોવર આદિકનો મહિમા શેષ શારદાદિક કોટિ કલ્પ સુધી કહે તો પણ પાર પામે નહિ. દેવી શારદા, નારદજી, શેષ નારાયણ તથા શિવજી આદિક સર્વે દેવતાઓ જેના મહિમા તથા ગુણને કાયમ ગાયા જ કરે છે. શિવ સનકાદિક, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો તથા મુનિઓ આ પુરનું દર્શન કરવા દરરોજ આવતા રહે છે. અન્ય અનેક ધામો પણ આ ધામની તુલ્ય ન આવે કારણ કે છપૈયાને સર્વાવતારી પ્રગટ શ્રીહરિનો સંબંધ છે માટે જ આ છપૈયાપુર સર્વોપરી છે. તેથી જ સ્વયં શ્રીહરિના ધર્મપિતા પ્રત્યે શબ્દો છે કે જે મનુષ્ય આ પુરની ચારે બાજુ અષ્ટાદશ યોજન પર્યંત દિવસ રાત્રિમાં છપૈયાપુર એવું જીભે કરીને નામ ઉચ્ચારણ કરશે, તથા શ્રવણે સાંભળશે, તેનાં સર્વ પાપો બળીને ભસ્મ થઈ જશે. અને વળી આ પુરની રજ અજાણે જેના માથે ઉડીને પડશે, તે મનુષ્ય સર્વ પાપોથી મુકાઈને સ્વર્ગને પામશે. આ નારાયણ સરોવરના જળનું જે આચમન કરશે તે વૈકુંઠધામને પામશે. અને જે મનુષ્ય આ સરોવરમાં સ્નાન કરશે તે જીવ ગોલોક ધામને પામશે. **અને વળી અમારી સ્મૃતિએ સહિત મહિમા પૂર્વક આ સરોવરમાં સ્નાન કરશે, તે જન અક્ષરધામ તેને પામશે. જે મનુષ્ય આ સરોવરના કિનારે તથા ગૌઘાટ (વિશ્વામિત્રી નદી)ના આરે તથા મીન સાગરના કિનારે તથા ખાંપા તળાવડીના કાંઠે શ્રધ્ધાદિક ક્રિયા કરશે તે પણ ભગવાનના અક્ષરધામને પામશે. આ બ્રહ્માંડમાં એવું**

**કોઈ તીર્થ સ્થાનક નથી જે આ છપૈયાપુરને તેની ઉપમા આપી શકાય. આ પુરની ભૂમિકાનો એટલો અપાર મહિમા છે કે તેના કોટીમાં ભાગની બરોબર ચાર ધામ, સાત પુરીઓ અને બીજા જે જે તીર્થ તે પણ થાય એમ નથી. આ સરોવરમાં આજ દિવસથી આરંભીને ગંગા આદિક અડસઠ તીર્થ નિવાસ કરીને રહ્યાં છે.** નિયમે યુક્ત અને ભગવાનના ભક્ત એવા જે સાધુ, બ્રાહ્મણ તેઓને જમાડીને વસ્ત્ર દક્ષિણા આપશે તથા ગાય આદિકના દાન આપશે અને વળી ભગવાનની પ્રતિમાને થાળ કરીને જમાડશે અને વસ્ત્ર ઘરેણાં આદિક કરાવશે તથા ભગવાનના મંદિર આદિક બીજી જગ્યાઓ કરાવશે, તે મનુષ્ય દેહ મૂકીને વિમાન ઉપર બેસીને અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્ય પણાને પામશે.

શ્રીહરિ લીલા સિંધુ ગ્રંથમાં શ્રી વૈષ્ણવાનંદ બ્રહ્મચારી લખે છે કે આ પ્રભુ અક્ષરધામમાં રહેવાવાળા છે. તેથી છપૈયાપુર ધામને પણ અક્ષરધામ સમાન જ કહેવાય છે. આ છપૈયાપુરનો મહિમા કહેતા વિષ્ણુ, બ્રહ્મા, શિવ, શારદા, શ્રુતિઓ, શેષજી પાર પામી શકતા નથી. તો સામાન્ય જીવાત્મા ક્યાંથી પાર પામે ? શ્રીદામા આદિ ભગવાનના ધામના મુક્તો પણ આ છપૈયાપુર ધામના પ્રભુના જન્મ સ્થાનના મહિમાને પૂર્ણ કહેવાને સમર્થ નથી થઈ શકતા. ચૌદ લોકમાં, સાત દ્વિપમાં તેમજ આ ભરતખંડના આર્ય પ્રદેશમાં પણ આના જેવું પવિત્ર સ્થળ ક્યાંય છે જ નહિ અન્ય તીર્થક્ષેત્રો અને આ નારાયણ સરોવર અને છપૈયાધામમાં કરોડ ઘણો ફેર છે. આ સ્થળમાં તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ પોતાના અનંત ઐશ્વર્યની સાથે પ્રગટ થયા છે અને જળ, સ્થળ બધે જ વિચરણ કર્યું છે અનેક દિવ્ય લીલાઓ કરી છે.

જે જન આ છપૈયાપુરના ભાવપૂર્વક એક લવમાત્ર દર્શન કરે છે તેના અનંત જન્મના પાપો બધાં બળી જાય છે. ભાવના સહિત નારી કે નર કે કોઈ આ તીરથમાં દર્શન કરવા યાત્રા કરવા જાય છે તેના ભાવબંધનના ફેરા મટી જાય છે, તેની મુક્તિ થાય છે. અરે ! આ છપૈયાપુરના પશુ, પક્ષી, ઝાડ, છોડવા, વેલીઓ, ઘાંસ, માછલાં આ સર્વે પોતાના દેહને છોડી તેનો આત્મા સ્વર્ગાદિ લોકમાં પરમસુખને પામે છે. **દેશના બધાં જ તીર્થો દશ દશવાર કરે તથા વિધિ પ્રમાણે ઘણું પુણ્યદાન કરે અને જે ફળ પ્રાપ્ત થાય તેટલું જ ફળ આ છપૈયાપુરનાં દર્શન કરવા માત્રથી જ મળે છે. જેના કુળના પુત્ર પરિવારો છપૈયાપુરની યાત્રા કરે છે તેના પિતૃઓ અતિ આનંદ પામે છે, સુખ પામે છે.** દેહથી, વાણીથી કે મનથી થયેલાં બધા જ પાપો છપૈયાની યાત્રા કરવાથી જ બળી જાય છે. પુત્રની ઈચ્છા વાળાને પુત્ર મળે છે. જે ભાવનાથી મનમાં એ કલ્પના કરીને છપૈયાની યાત્રા કરે છે તેને સફળતા મળે છે. જે જન છપૈયા જઈને શંખ, ચક્ર આદિ આયુધો ધારણ કરે છે. (છાપો લે છે) તેના બધા જ પાપો બળી જાય છે.

છપૈયામાં રહીને ત્યાગી કે ગૃહસ્થ વ્રત કરે તો તે જન તેનું અખૂટ પુણ્ય પામે છે. (શિબિર દરમિયાન પ્રબોધિની એકાદશીનું વ્રત છપૈયામાં આવશે.) નારાયણ સરમાં સ્નાન કરીને પવિત્ર થયેલો જીવાત્મા, તે બ્રાહ્મણ જેવો પવિત્ર થાય છે. તે જો ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરે તો તે મનુષ્યને ભગવાનના દર્શન જરૂર થાય છે. મંદિરમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ પ્રભુ તથા રાધાકૃષ્ણ આદિક મનોહર મૂર્તિઓને જે કોઈ પ્રેમ હેતથી થાળ કરીને જમાડે છે તે સર્વ બ્રહ્માંડોને જમાડે તેટલું ફળ પામે છે. આ છપૈયાપુરમાં કાયમ માટે શ્રીહરિકૃષ્ણ ઘનશ્યામ પ્રભુ પોતાના સ્વરૂપમાં નિવાસ કરીને રહે છે. જે કોઈ જીવાત્મા અતિ વિરહવાન થઈને દર્શન કરવા આવે છે તો તે જીવાત્માને તે જગ્યાએ પ્રભુના જરૂર દર્શન થાય છે. જેની ઘણાંને અનુભૂતિ થાય છે. **પ.પૂ. મોટા મહારાજશ્રીએ તો પોતાના આશીર્વચનમાં દરેકે વર્ષમાં એકવાર છપૈયા જવું જોઈએ તેવી આજ્ઞા કરી છે.**

છપૈયાપુરના મહિમાને જે કહેતા કોઈ સાંભળે તો તેના પણ બધા જ પાપો બળી જાય અને તેને ફરી ભવબંધનમાં ન જવું પડે, એવો પરબ્રહ્મ પ્રભુનો મહિમા છે. **ભૂમિની રજકણ, સૂર્યના કિરણમાંથી નીકળતા રજબિંદુ, પાંદડાં, પાંખડીઓ, પશુઓ, પક્ષીઓ તથા આકાશના તારાઓની ગણતરી કદાચ થઈ શકે પરંતુ આ પુરના મહિમાની ગણના કોઈ કરી શકે તેમ નથી.**

સંપ્રદાયમાં શિબિરો ઘણી થતી હશે, પરંતુ શ્રીહરિના અપર બાલસ્વરૂપ હવે તો યુવા સ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં આ શિબિરનો લાભ ખૂબ જ વિશાળ સંખ્યામાં યુવાનો લે તેવી અભ્યર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી













ભગવાન શ્રી સ્વામિનારાયણ અહિંસાના પૂજારી હતા તેઓએ ડભાણ, જેતલપુર, ભુજ આદિ અનેક સ્થળોએ મહાવિષ્ણુયાગ કરીને ભૂદેવોને ભોજન અને દક્ષિણાઓ આપીને સંતૃપ્ત કર્યા હતા.

દુરાચારી અનેક લોકોના વિરોધ છતાં પણ એક વખત તેઓએ જેતલપુરમાં ૧૮ દિવસનો, સૌપ્રથમ મહાવિષ્ણુયાગ કર્યો. વેદવિધિને રૂડી રીતે જાણનાર વિપ્રોને વરૂણીમાં નિમ્યા અને પરબ્રહ્મ પરમાત્માએ પોતે જ યજમાન તરીકેનું સ્થાન શોભાવ્યું. હજારો મણ ઘી અને યજ્ઞદ્રવ્યની આહુતીઓ ત્યાં અપાઈ. તે વખતે શ્રીજીએ સ્વયં જે પૂજાપાત્રોનો ઉપયોગ યજ્ઞમાં કરેલો, તે પૂજાપાત્રો પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અતિ દાખડો કરીને શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૨ માં પધરાવ્યા છે.

જે પૂજાપાત્રો શ્રીજીના કરકમળનો સ્પર્શ પામ્યા છે., જેમાંથી યજ્ઞવિધિનો ક્રિયા કાંડ થયો છે, જે પાત્રો વેદ ધ્વનિના સાક્ષી છે, જે પાત્રો સાક્ષાત વરૂણદેવનો સંસર્ગ પામ્યા છે, જેનાં સ્પંદનોમાં હજુ પણ વેદની ઋચાઓનો ધ્વનિ રણકાય છે તેવા આ મહાપ્રસાદીના પાત્રોના સૌ હરિભક્તો મહિમાએ સહિત દર્શન કરજ્યો.

- પ્રો. હિતેન્દ્રભાઈ એન. પટેલ

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ-૨૦૧૪

રૂા. ૧,૫૧,૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર- ટોરેન્ટો કેનેડા
રૂા. ૫૧,૦૦૦/- પ.ભ. પારૂલબેન ભાવેશકુમાર પટેલ - યુ.એસ.એ. (ડાંગરવા) હ. શારદાબેન અમૃતભાઈ પટેલ તથા કપિલાબેન દશરથભાઈ પટેલ
રૂા. ૧૧,૧૧૧/- પ.ભ. પૃથ્વીસિંહ પૂંજાજી ડાભી-ડાંગરવા
રૂા. ૧૧,૦૦૦/- પ.ભ. વિનુજી ગોબરજી ડાભી-ડાંગરવા
રૂા. ૧૦,૦૦૦/- પ.ભ. ડૉ. વસંતભાઈ વાલુ, અમદાવાદ
રૂા. ૫૦૦૧/- પ.ભ. કમલેશભાઈ એચ. શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦૧/- જય મુકેશકુમાર પટેલ - સાબરમતી
રૂા. ૫૦૦૧/- પ.ભ. શારદાબેન વિનોદભાઈ શેલત- અમદાવાદ

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓગસ્ટ-૨૦૧૪

તા. ૩-૮-૧૪ (સવારે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ- હુ. ભાવનાબેન બાલવા
(સાંજે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ- ઊનાવા
હ.નયનાબેન સુમનભાઈ પટેલ - ગાંધીનગર
તા. ૯-૮-૧૪ પ.ભ. નાનજીભાઈ શામજીભાઈ ભુડિયા - માધાપર (કચ્છ)
તા. ૧૭-૮-૧૪ શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - વાસણા મંદિર પૂ. ધ્યાની સ્વામીની પ્રેરણાથી
હ. રાજુભાઈ ઠક્કર
તા. ૨૧-૮-૧૪ પ.ભ. સોની બાબુલાલ મગનલાલ પરિવાર - સરાવાળા
હ. મહેન્દ્રભાઈ, ભરતભાઈ, જીતેન્દ્રભાઈ, રમણભાઈ, કમલેશભાઈ, હરેશભાઈ,
અ.નિ. રાજેશભાઈ, અશ્વિનભાઈ તથા સંજયભાઈ
તા. ૨૪-૮-૧૪ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ- પ્રતાપપુરા
હ. રીટાબેન ઠક્કર તથા સુમનભાઈ પટેલ
તા. ૨૯-૮-૧૪ પ્રસાદીના શ્રી ગણપતિદાદાનું સમૂહ મહાપૂજન
હ. રશ્મિકાન્તભાઈ ભાવસાર
તા. ૩૧-૮-૧૪ અ.નિ. પ.ભ. રમેશભાઈ બાપુદાસ પટેલ (ચાંદીસણાવાળા) હ. મિતેષભાઈ પટેલ- કલોલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગો પાટોત્સવ પ્રસંગે**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - લુઈસવીલ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે**
**શ્રી સ્વામિનારાયણ મંદિર -ટોરેન્ટો, કેનેડા પાટોત્સવ પ્રસંગે**
**શ્રી સ્વામિનારાયણ મંદિર -ફ્લોરિડા પાટોત્સવ પ્રસંગે**
**શ્રી સ્વામિનારાયણ મંદિર -બોસ્ટન પાટોત્સવ પ્રસંગે**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાળવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સત્સંગનો મોટો પ્રતાપ છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સૌથી આગળ વાજીંત્રો વગાડવાવાળા ચાલે છે. ત્યાર પછી સંતો કીર્તનો ગાતા ગાતા ચાલે છે. સાથે સ્વામિનારાયણ ભગવાન અને એમની પાછળ, બધા ગૃહસ્થ હરિભક્તો ચાલતા હતા. એમની પાછળ બધા બહેનો અને એ બધા જ ભગવાનના નામની ધૂન કરતા કરતા નવાવાસથી નારાયણઘાટને રસ્તે ચાલ્યા આવે છે. એમાં એક બનાવ બન્યો છે, બહુ આશ્ચર્ય થાય એવો છે. સ્વામિનારાયણ ભગવાન જ્યાં શાહીબાગ વિસ્તારમાં બાદશાહવાડી પાસે આવ્યા એટલે કે નારાયણઘાટથી થોડોક જ દૂર રહ્યા. ત્યાં કોઈ અજાણ્યા માણસે શ્રીજી મહારાજની ઘોડીની લગામ પકડી. એકદમ કોણ જાણે ક્યાંથી આવી ગયો. ભક્ત સમુદાયની વચમાં ! દેખાતો હતો ફકીર જેવો. શ્રીજી મહારાજની પાસે આવીને અણધાર્યો ઉભો રહ્યો અને માણકી ઘોડીનું ચોકડું જ પકડ્યું. ભક્તો એકદમ જોવાં માંડ્યા કે આ કોણ છે ? છૂટા કેશ હતાં. જુદા જુદા જાતજાતના કાચના મણીઓ પહેરેલા હતા. હે ભગવાન, હે ભગવાન એ પ્રમાણે બોલતો હતો. પરમાત્મા એની સામે જોવા લાગ્યા. આ ફકીરે એકદમ નમસ્કાર કર્યા. સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં મસ્તક મુકી દીધું. આ કોણ હશે ? બીજો કોઈ નહિ, દરિયાવખાન પોતે જ હતો. દરિયાવખાન એ તમામ ભૂતોનો રાજા ગણાય છે.

સ્વામિનારાયણ ભગવાન તો જાણતા જ હતા. પ્રભુએ અભયદાન આપ્યું. ભગવાનને વિચાર થયો કે આ બધા ભક્તોને જાણ કરવી જરૂરી છે. એટલે પૂછે છે, ભાઈ ! તું કોણ છે અને શા માટે અહીં આવીને અમારી ઘોડીને અટકાવી છે ? દરિયાવખાન કહે છે, મહારાજ ! આ સામે વિશાળ જે ધુમ્મટ દેખાય છે એમાં મારો વાસ છે. અને બહુ દિવસથી તમારી દર્શનની રાહ જોઈને અહીં રહું છું. આજે દર્શન થયાં. મારૂં કલ્યાણ થયું. ભગવાન કહે છે એ વાત સાચી છે. તારો વૈકુંઠમાં વાસ થશે. પણ એ તો કહે, તું અમારા સુધી આમ કઈ રીતે આવી શક્યો ? અમારી પાસે તો કોઈ આવી ન શકે. તું કઈ રીતે આવ્યો ? એટલે તરત જ દરિયાવધાન કહે છે કે પ્રભુ તમારા સંતોનો મેં સત્સંગ કર્યો છે. સાંભળજો, ભૂતો સત્સંગ કરે છે, માણસો નથી કરતા. દરિયાવખાન કહે છે કે તમારા સંતોનો મેં સત્સંગ કર્યો છે. હે પ્રભુ ! ચાતુર્માસ સુધી સંતો આ ધુમ્મટમાં રહેલા.

વાત એમ હતી કે સ્વામિનારાયણ ભગવાને સંતોને આજ્ઞા કરી. સંસ્કૃત ભણો, વેદ વેદાન્તનો અભ્યાસ કરો. મોક્ષ માટે નહી પણ જગતના હિત માટે, કલ્યાણ માટે. અને મુક્તાનંદ સ્વામીને પ્રભુ કહે છે, અમદાવાદ જાઓ. ત્યાં કોઈ સારો પંડિત શોધો અને આ બધા સંતોને ભણાવો. ત્રીસ સંતોને લઈને મુક્તાનંદ સ્વામી અમદાવાદ આવ્યા. પંડિતજીની તપાસ કરી મળી ગયા. પણ હવે અમદાવાદમાં ત્રીસ સંતોને રહેવાનું ક્યાં ? એ મોટો પ્રશ્ન આવ્યો. મુક્તાનંદ સ્વામી શહેરની આજુબાજુમાં ફરવા માંડ્યા. એમાં નારાયણઘાટ પાસે આ દરિયાવખાનનો ઘુમ્મટ એ વખતે બીલકુલ ખાલી રહેતો. કોઈ અંદર પૂજારીએ નહી. સંતોએ વિચાર્યું કે આ સ્થાન સારૂં છે. વાળી ઝૂડી સાફ કરીને અહીં જ રહો. બાજુમાં સાબરમતી નદી વહે છે. ન્હાવા-ધોવાની સાનુકુળતા રહેશે. અહીં રહીને અભ્યાસ કરીશું. એકાન્ત સ્થળ છે. કોઈ આવતું નથી. કોઈ જતું નથી. પંડિતજી પાસે સંસ્કૃતનો પાઠ લઈ અને દરિયાવખાનના ધુમ્મટમાં સંતો અભ્યાસ કરે છે. ત્યાં જ પૂજા-પાઠ કરે, ભજન-કીર્તન કરે, કથાવાર્તા કરે.

કેટલાંય ભૂતપ્રેત આ ધુમ્મટમાં રહેતાં હતાં. ત્રીસ સંતો ધૂન કરે, કથાવાર્તા થાય, વચનામૃત બોલાય. આ બધા જ શબ્દો ભૂતોના કાને પડે. એક દિવસ આખી ભૂત ટોળી મુક્તાનંદ સ્વામી પાસે આવી. સ્વામીએ પૂછ્યું, કોણ છો તમે ? અમે ભૂત છીએ. મુક્તાનંદ સ્વામી એટલે ધૈર્યની મૂર્તિ ! કોઈ દિવસે ચમકતા નહીં. ગભરાતા નહીં. આપણી પાસે કોઈ માણસ આવે, ભાઈ ! મારે ક્યાં જવું ? હું ભૂત છું! તો આપણી દશા શું થાય ? અરે કાચો પોચો હોય તો એમને દવાખાના ભેગો કરવો પડે, કાં હનુમાનજી પાસે લઈ જવો પડે. પણ મુક્તાનંદ સ્વામીની મુખાકૃતિ બદલાઈ નહીં. સ્વામીએ ભૂતોને વળતું પૂછ્યું. કેમ આવ્યા છો ? ત્યારે ભૂતો કહે છે, દરરોજ તમારા મુખે સ્વામિનારાયણ ભગવાનની ધૂન સાંભળીએ છીએ કથા સાંભળીએ છીએ. તમે સંતોને જે ઉપદેશ આપો છો એ પણ શ્રવણ કરીએ છીએ. અમારા પાપ બળી ગયાં. હવે અમે શું કરીએ ? સ્વામીને વિચાર આવ્યો. સેવા સિવાય સદ્ગતિ નથી. સદ્ગતિ સરળતાથી જોઈતી હોય તો સેવા કરો. મુક્તાનંદ સ્વામી કહે છે, એક કામ કરો. આ ધુમ્મટની આજુબાજુ

કાંટા કાંકરા બહુ પડ્યા છે, વાળી નાંખો. સંતોને પગમાં વાગે નહી. એ વખતે ઉઘાડા પગે સંતો ફરતા. અને એ બધા ભૂતો એવા મંડ્યા કે ધૂળ, કાંકરા, પાંદડા, પથરા, કાંટા બધું વાળી નાખ્યું. ભૂત વળગે તો કામ કરતાં વાર ન લાગે. એને તો કામ ખૂટી પડે. થોડીવારમાં બધું વળાઈ ગયું. એટલે પાછા હાજર થયાં. સ્વામી કહે છે, હવે છેક નદી સુધીનો રસ્તો ચોખ્ખો કરી દો. અને ભૂત જે મંડ્યા ને જાળાં જાંખરાં સાફ કરી રસ્તો ક્લીયર કરી આપ્યો. હવે ? હવે જાઓ બદરીકાશ્રમમાં ! મુક્તાનંદ સ્વામીએ પાણી છાંટ્યું અને બધા જ ભૂત બદરીકાશ્રમમાં ગયાં. પણ એ ભૂતપતિ કહે છે, સ્વામી ! હું નહી જાઉં. કેમ ? મારે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા છે. સ્વામી કહે છે, તો તું અહીં જ રહે. સ્વામિનારાયણ ભગવાન નારાયણઘાટ સ્નાન કરવા માટે જ્યારે પધારશે ત્યારે અહીંથી જ નીકળશે. એ વખતે દર્શન કરી લેજે. અને એમના હાથે મુક્તિ પામજે. આ ઘટના દરિયાવખાન પોતે સ્વામિનારાયણ ભગવાનને સંભળાવે છે. મહારાજ ! મુક્તાનંદ સ્વામીના મુખેથી તમારા લીલાચરિત્રોનું શ્રવણ કર્યું છે. સંતોના સત્સંગના પ્રતાપે હું તમારી પાસે આવી શક્યો, નહી તો બળીને ભસ્મ થઈ જાઉં. સત્સંગનો આ મહિમા છે. જે કથા-વાર્તા, ભક્તિ અને ભજનમાં બેસે એમની આજુબાજુમાં ભૂત આવે જ નહી. ગભરાવાનું જ નહી. ઘણીવાર કોઈ કાચાપોચા હૃદયના માણસો ગભરાય પણ બીલકુલ ડરવાનું નહી. જીવતા માણસથી ડરવાનું હોય, એ ક્યાંય મળે તો ખીસ્સું કાપી જાય. ભૂત શું કાપી જવાના ? મર્યા પછી તો એ પોતે દુઃખી હોય છે. ભૂતયોનિ સુખી નથી હોતી, દુઃખી હોય છે. અને અનેક પ્રકારના કર્મ અને વાસનાના કારણે એની સદ્ગતિ અટકી ગઈ હોય એટલે એ બિચારા દુઃખી હોય છે. એ આપણને શું દુઃખી કરે ! પણ આપણે આપણી જાતે જ ગભરાઈએ છીએ.

આ દરિયાવખાન કહે છે, સંતોના મોઢે મેં સત્સંગ સાંભળ્યો, કથા સાંભળી, તમારાં ચરિત્રો સાંભળ્યા. મારો આત્મા પવિત્ર બન્યો. અને એટલા માટે તો તમારા દર્શન હું કરી શક્યો .તમારો સ્પર્શ કરી શક્યો. પ્રભુ ભક્તિ અને સત્સંગનો મહિમા અપરંપાર છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે. હવે તું વૈકુઠમાં જા.

નારાયણઘાટ પાસે જ આ દરિયાવખાનનો ધુમ્મટ છે. બહુ વિશાળ બાંધકામ છે. મુક્તાનંદ સ્વામી ત્રીસ જેટલાં સંતો સાથે ત્યાં ચાર મહિના રહ્યાં છે.

વ્હાલા ભક્તો ! શાસ્ત્રોના પાને પાને સત્સંગનો મહિમા આલેખાયો છે. પ્રગટ પરમાત્માના ઉપાસક એવા મુક્તાનંદ સ્વામી જેવા સંતોનો સત્સંગ થયો તો અતિ મલિન પ્રેતયોનિને પામેલા એવા એ જીવોનો ઉધ્ધાર થયો. માટે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં નિત્ય પ્રત્યે સંતસમાગમ કરવો એમ આજ્ઞા કરી, જેથી આવાં બહારનાં ભૂતો અને અંદરના ભૂતોનું કલ્યાણ થઈ જાય છે. જીવનમાં કાયમ યાદ રાખો સત્સંગનો પ્રતાપ બહુ મોટો છે.

●

### આપણાં અહોભાગ્ય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર સ્વામિનારાયણ ભગવાન લોયા ગામમાં પધાર્યા હતા. લોયાગામ એટલે સૂરાખાચરનું ગામ. શૂરવીર ભક્તોના ઘરે જવું શ્રીજી મહારાજને વધુ ગમતું. આ લોયા ગામમાં શ્રીજી મહારાજ નદીના કિનારે સાંજે સભા કરી અને બિરાજ્યા હતા. શ્રીજી મહારાજ સ્વમુખે ભક્તોને ઉપદેશ આપતા હતા.

એ વખતે તે સભામાં કોઈ બે સંતો બહારગામથી આવ્યા. સત્સંગનું કાર્ય કરી, સત્સંગની સેવા કરી સભામાં આવી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે સાધુના કપાળમાં કંઈક વાગ્યું હોય એવો સોળ જોઈને બોલ્યા જે કપાળમાં તમને શું વાગ્યું છે ? ત્યારે તે સંતે કહ્યું, મહારાજ એ તો કંઈક લાકડું વાગ્યું હશે. ત્યારે મહારાજ કહે તમારો ખેસ ઉતારો. તમારું શરીર બતાવો ત્યારે એ સંતે પોતાનો ખેસ દૂર કરી અને શરીર બતાવ્યું. ત્યારે એ સાધુના શરીરમાં કોઈક પાપીએ બાવળના સોટા મારેલા તે એ બન્ને સાધુના શરીર સૂઝી ગયેલાં અને રાતા સોળ પડેલા. એ જોઈને મહારાજને અત્યંત ક્રોધ આવ્યો અને એમ બોલ્યા જે અરેરે ! આ સૃષ્ટિમાં એવા કોણ પાપી છે કે જેણે આવા અમારા સાધુને માર્યા ? એમ કહીને પોતાના બે હાથ પૃથ્વી ઉપર પછાડ્યા. તેણે કરીને પૃથ્વી એવી ધ્રૂજી અને એમાં એ દુષ્ટોના પાપીઓનાં ઘર પડી ગયાં અને એનો સપરિવાર વિનાશ થઈ ગયો.

સંત સંતાપે જાત હૈ રાજ ધર્મ ઔર વંશ

મહારાજની આજ્ઞાથી સંતોના શરીર પર દવા-ઔષધ ભજનાનંદ સ્વામીએ લગાવ્યા. સંતોને વેદના ઓછી થઈ. પણ સંતો જાણી ગયા. મનમાં વિચાર કરવા લાગ્યા. આપણે તો એ જીવના સારા માટે એનો માર સહન કર્યો હતો આ તો મહારાજે એનું નિકંદન કાઢી નાખ્યું. પછી બંને સંતો મહારાજ પાસે આવી વિનંતી કરી. ત્યારે મહારાજ બોલ્યા સંતોના હૃદય હંમેશા કોમળ જ હોય છે. જાઓ એ જીવો પશુ યોનિમાં જન્મશે સત્સંગીના ઘરે કામે જોડાશે અને તેનું કલ્યાણ થશે. સંતો ચંદનના કાષ્ટ જેવા હોય છે, કાપો તો પણ સુગંધ જ આવે. તાડન કરનારા પાપી જીવોનું પણ આ સંતોએ કલ્યાણ ઈચ્છ્યું. આપણા અહોભાગ્ય છે કે આવો દિવ્ય સત્સંગ આપણને મળ્યો છે.

પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદથી
વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા
શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે








## મહોત્સવ સ્થળ

શ્રી નરનારાયણ નગર, તપોવન સર્કલ, મોટેરા ગામ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ.

**અધ્યક્ષશ્રી : પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

## આયોજક

મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી
તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - અમદાવાદ-૧
ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

**તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને ‘‘આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી.’’ ‘‘જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી.’’ ‘‘આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી.’’ આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામી (જેતલપુર)એ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્દ્ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય ‘‘શ્રી નરનારાયદેવ મહોત્સવ’’ તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.

## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

## આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે. (પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

Harikrushna Graphics • 982-5850-559, 987-9961-789

**: મહામહોત્સવનું સ્થળ :**
**તપોવન સર્કલ, મોટેરા ગામ, અમદાવાદ.**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"મનુષ્ય શરીર સીડીરૂપ છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે બધા નિયમો પોતાના હોય, ભજન ભક્તિ કરતા હોય, સ્વાસ્થય સારૂ રહે તેના માટે અત્યારે ખાવા પર પણ સંયમ રાખતા શીખી લઈએ. બધું જ કરીએ છતાં પણ આપણે દુઃખીને દુઃખી જ રહીએ છીએ તેનું કારણ શું છે ? તો આપણે વર્તમાનમાં નથી જીવતા અતીતમાં જ જીવીએ છીએ. આવું કર્યું હોત તો સારું હતું. આમ બોલ્યા હોત તો સારૂં હતું. તેમ વધારે પડતા અતીતમાં જઈએ છીએ અને અતીતમાં ન જીવીએ તો ભવિષ્યની ચિંતામાં ખોવાઈ જઈએ છીએ. ભવિષ્યનું વિચારવું તો પડે, ભવિષ્ય માટે પ્લાનિંગ તો કરવું જ પડે. પરંતુ ભવિષ્ય માટે અતિ વિચારવું નહીં. આપણે વિચારીએ તેવું બધું થતું નથી. એના કરતાં વધારે જરૂરી એ છે કે જે કર્મ મેં આજે કર્યું તેનું પરિણામ શું આવવાનું છે ? માત્ર એવું નહિ રાખવાનું કે આજની મજા લઈ લેવાની, જ્યાં સુખ મળ્યું તે ભોગવી લેવું. આપણે જેને સુખ માનીએ છીએ તે માત્ર 'મૃગજળ' જેવું છે. એટલે કે મૃગને જ્યારે તરસ લાગે તો દૂર ચમકતી રેતીને જોઈને પાણીનો આભાસ થાય છે. એટલે પાણી સમજી લે અને ત્યાં દોડીને જાય તો કાંઈ પણ મળતું નથી. તૃપ્તિ થતી નથી. તો જગતનું સુખ પાણી છે. અને આપણે મૃગ સમાન છીએ. આપણે ખૂબ દોડીને સંસારના સુખની પ્રાપ્તિ કરી લઈએ તો પણ તૃપ્તિ થતી નથી. જે આનંદ પ્રાપ્ત થવો જોઈએ તેવી તૃપ્તિ થતી નથી. કેમ જે તે સાચું સુખ નથી. એક પરમાત્માના ચરણ સિવાય સાચું સુખ ક્યાંય છે જ નહિ. અને આપણી અંદર જ્યારે પરમાત્માનું ભજન કરવાનો વિચાર આવે છે ત્યારે આપણે તેને કાલ પર ટાળી દઈએ છીએ. પરંતુ કોને ખબર છે કે આપણા માટે 'કાલ' આવશે કે 'કાળ' આવશે. માટે કાલનો ભરોસો નહિ રાખવાનો અને મનુષ્ય જીવન તે અંતિમ લક્ષ્ય નથી. પરમાત્માએ કૃપા કરીને આ મનુષ્ય શરીર આપ્યું છે તે ''સીડીરૂપ' છે. તેનો ઉપયોગ કરી લેવાનો. પગથિયા પર બેસી નથી જવાનું. જીવન તે પ્રગતિ કરવા માટે છે. અંતિમ લક્ષ્ય ન મળે ત્યાં સુધી પ્રગતિ કરવાની છે. આ જીવન ખૂબ જ કિંમતી છે. આપણા જીવનનું મૂલ્ય આપણે પોતે જ નક્કી કરીએ છીએ. આપણા જીવનની કિંમત આપણે કેવી રીતે આંકીએ છીએ તે આપણા પર નિર્ભર છે.

ખૂબ મોટો પથ્થર હોય એની કાંઈ જ કિંમત હોતી નથી. પરંતુ એ પથ્થરને 'શિલ્પી' વધારે હોય તે ભાગ કાઢી નાખે અને ઘડે તો તેમાંથી 'કલાકૃતિ' બહાર આવે છે. એટલે કહેવાનો અર્થ છે કે જેમ જેમ વજન ઓછું થાય તે માટે પથ્થરમાંથી વધારાનો ભાગ કાઢી નાખવામાં આવે છે તેમ તેમ તેની કિંમત વધતી જાય છે. તો આપણા અંદરનો જે પથ્થર છે તેનું પણ વજન ઓછું કરવાની છે. અંદરનો પથ્થર એટલે જે કચરો ભરી રાખ્યો છે તેને કાઢવાનો છે. બધાની અંદર કચરો છે જ અને બધાને ખબર પણ હોય છે. એટલે મારી મને ખબર હોય તમારી તમને ખબર હોય પણ તે એક પરમાત્મા જ જાણે છે. અને બીજા તમે પોતે જાણો છે. બે જ વ્યક્તિ સાચું જાણી શકે છે. તમે પોતે જાણતા જ હોવ કે તમારી અંદર કેટલો કચરો ભરેલો છે. આપણે આપણા કચરાને સાફ કરી દઈશું તો આપણા અંદરથી પણ 'કલાકૃતિ' પ્રગટ થશે. આપણા અંદર જ બીજ છે. બીજમાંથી ઝાડ થાય, ફુલ આવે, ફળ આવે બધું જ થાય પરંતુ તમે તે બીજને વાવો નહીં અને એક રૂમમાં રાખી મુકો તો કશું પણ થાય નહિ. બીજને વાવવું પડે, પાણી પાવું જોઈએ, માટી જોઈએ, તડકો જોઈએ. બધું જ જોઈએ. જરૂર છે તેને સિંચવાની. તેમ આપણે આપણું ધ્યાન રાખવાનું છે. આપણા જીવનને સિંચવાનુ છે. અને સીડી ચડતા જવાનુ છે. જીવનની અંદર ક્યારે શું જોઈએ ? ક્યારે આપણને અનુકુળ સમય મળશે ? જે સમય મળ્યો છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કઈ રીતે કરવો ? બધું ધ્યાન રાખીને જીવનને સિંચવાનું છે. મનુષ્ય જીવન ઉન્નતિ માટે જ છે. માત્ર આખો દિવસ માળા લઈને પોકારતા હોય તો પણ પરમાત્મા નથી મળતા. એક દ્રષ્ટાંત છે. એક કંદોઈ દુકાને બેઠો બેઠો માળા ફેરવતો હતો. ત્યાં અચાનક કુતરુ મીઠાઈ ખાવા આવે છે. એક હાથમાં માળા છે. મોઢેથી રામ રામ બોલે છે અને બીજા હાથથી કૂતરાને મારે છે. તો તમે શું બોલો છો ? શું કરો છો ? તેના આધારે પરમાત્મા નથી મળી જતા. પરંતુ આપણે શું છીએ આપણી અંદરની પરિસ્થિતિ શું છે તેના પરથી પરમાત્મા મળે છે. તમે બધા ભજન-ભક્તિ કરો જ છો અને અત્યારે બધાને ચાતુર્માસના નિયમો ચાલતા હશે તો તમારા બધાના લીધેલા નિયમો પુરા કરવાનું પરમાત્મા તમને ખૂબ સરસ બળ આપે તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**જે જ્ઞાનરૂપી ધન પામે તે બુદ્ધિમાન**
- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

વહાલા ભક્તો ! જેને જેમાં ગુણ મનાય તે તરત જ તેને

હરખથી કરવા લાગે છે, જેમ કે ઝેર જો અલ્પ હોય તો પણ તે કોઈને સુખદાયક લાગતું નથી, પણ વિષમ અત્યંત દુઃખદાયક સમયમાં તે ઝેર કોઈને સુખદાયક લાગતું હોય છે. કોઈ દરદ ઉપર ડામ જેટલા દે તેટલો તેને મિત્ર માનવામાં આવે છે. જે અંગમાં રાત અને દિવસ અત્યંત પીડા થતી હોય તેને કાપ્યા વિના ક્યારેય શાંતિ થાય તેમ ન હોય તો પછી તે અંગને આનંદથી કપાવે છે. જગતમાં નાક અને કાનને કપાવવા તે ઘણું કલંક ગણાય છે, પણ ઘરેણાં પહેરવા માટે તે નાક અને કાનમાં કાણાં પાડે છે અને તેને ઘણું સુખદાયક માનવામાં આવે છે. તેમ જેને ભગવાનમાં જ લાભ મનાયો હોય તેનાથી ભગવાન માટે જે કરવું હોય તે થઈ શકે. સહુથી વધારે નીચો અને ભારે પાપ ભર્યો વેશ્યાનો ધંધો નારી કરે છે. આ લોકમાં કે પરલોકમાં કોઈ પણ તે ધંધાને વખાણતા નથી. પણ તે વેશ્યાને ધનમાં માલ મનાયો છે એટલે તેને તેનો અભાવ આવતો નથી. વહાલા ભક્તો ! જો તેવો માલ ભગવાનમાં મનાયો હોય તો તે કોઈના છોડાવ્યા છૂટે નહિ. જે અજ્ઞાનરૂપી અંધારાથી ઘેરાઈ ગયા છે તેને ભગવાનનો ખપ ધનના જેટલો નથી. ક્યાં ધન અને ક્યાં ભગવાન ? કાચ અને ચિંતામણિ જેટલો તફાવત છે. ધન છે તે તો કાચ જેવું છે. અને ભગવાન છે તે તો ચિંતામણિ જેવો છે. ધનથી કદાચ ક્ષણિક માયિક સુખ પ્રાપ્ત કરી શકાશે. પરંતુ અખંડ અને અવિનાશી શાશ્વત સુખ પ્રાપ્ત નહિ કરી શકાય તે સુખનો ક્યારે નાશ થઈ જશે તેનો કોઈ નિર્ધાર નથી. કાં તો માયિક સુખનો નાશ થઈ જશે કાંતો આપણા દેહનો નાશ થઈ જશે. પણ તે સુખ અખંડ રહેવાનું નથી. ગઢડા પ્ર.પ્ર.ના પહેલા જ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે ભગવાનની મૂર્તિ તો ચિંતામણી તુલ્ય છે. જેમ કોઈ માણસના હાથમાં ચિંતામણિ હોય તો તે માણસ જે જે પદાર્થને ચિંતવે તે તેને પ્રાપ્ત થાય છે. તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મલોક એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે અને દેહ પડ્યા પછી ભગવાનના અખંડ અને અવિનાશી શાશ્વત સુખને મેળવે છે. વચ. સાં.-૧ માં શ્રીજી મહારાજે કહ્યું છે કે ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમાં ભાગ બરાબર પણ થાય નહિ.

વહાલા ભક્તો ! દાદા ખાચર, માંચા ખાચર વગેરે અનેક ભક્તોને ભગવાનમાં જ લાભ મનાયો હતો તેથી જ તેઓ શ્રીજી મહારાજને સર્વસ્વ અર્પણ કરી ભગવાનના દાસ થઈને રહ્યા હતા. એકવાર શ્રીજી મહારાજે કારિયાણીના માંચા ખાચરને સરધાર સમૈયો કરવા આવવા માટે સમાચાર મોકલ્યા તે વખતે માંચા ખાચરના ખેતરમાં કપાસ પાકી ગયો હતો. કપાસ વીણવાનો સમય થઈ ગયો હતો. એટલે તેમના કુટુંબી વસ્તા ખાચરે તેમને કપાસ વીણાવીને ખેતર ખાલી કરીને પછી સમૈયો કરવા જવાનું કહ્યું. ત્યારે માંચા ખાચરે વિચાર કર્યો કે જો કપાસ વીણવા રહું તો સમૈયો પુરો થઈ જાય. વહાલાં ભક્તો ! માંચા ખાચરે પછી શું કર્યું ખબર છે ? માંચા ખાચરે ગામના ભરવાડને બોલાવીને કહી દીધું કે કાલે મારા ખેતરમાં તારા ઢોરને છૂટા મુકી દેજે અને ભરવાડે તે પ્રમાણે કર્યું. ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કરવા માટે માંચા ખાચરે ખેતર ભેળવાવી દીધું. માંચા ખાચરે વસ્તા ખાચરને કહ્યું કે મેં ખેતર ખાલી કરી નાખ્યુ છે અને હવે હું સરધાર જાવું છું. માંચા ખાચરને ધન કરતા ભગવાનમાં વધારે માલ મનાયો હતો. વહાલા ભક્તો ! આપણે માંચા ખાચરની જેમ બધું ભેળવાવી દેવની જરૂર નથી. પણ સત્સંગ સેવા-ઉત્સવ-સમૈયા, વગેરેના સમયે માયિક સુખોનો ત્યાગ કરી ભગવાનની ભક્તિમાં જોડાઈ જવું જોઈએ.

બલિરાજા ત્રિલોકીના મહાન સમ્રાટ હતા. તેમને જ્યારે જ્ઞાન થયું ત્યારે તેઓ ભગવાનના ભક્ત થયા. જેને જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન નથી એવા મનુષ્યો, દેવો તથા દૈત્યો સુધીના બધા જ ચિંતામણીને તજી દઈને કાચમાં જ રાજી રહે છે. જેને ભગવાનનાં સ્વરૂપનું યથાર્થ અને સુદૃઢ જ્ઞાન થયું છે તે જ મનુષ્ય બુદ્ધિમાન અને જ્ઞાની છે. બાકીના બીજા બધા જ્ઞાન તો અજ્ઞાન જ છે. વેદોનું, પુરાણોનું, શાસ્ત્રોનું, અધ્યયન, વર્ણ અને આશ્રમનો ધર્મ પાળવો, વિવિધ પ્રકારનું દાન કરવું, જપ, તપ, વ્રત અને તીર્થાટન એ બધું કરવાનું ફળ તો એજ છે કે ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય પણ સાધનો કરીને વિવિધ પ્રકારનાં માયિક ભોગોને જે ઈચ્છે છે ત્યાં સુધી તેને આ સંસારરૂપી રોગ રહેવાનો છે. જેમ રેંટનો બળદ સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરે છે. પણ જ્યારે તેને છોડવામાં આવે છે ત્યારે તે તેની તે જ જગ્યાએ ઉભો હોય છે તેને કોઈ બીજું ગામ આવ્યું હોતું નથી. જ્યાં સુધી ભગવાન સિવાયના અન્ય ભોગોની ઈચ્છા રહ્યા કરતી હોય ત્યાં સુધી તેને જેટલાં શુભ સાધન છે તે કરવાના રહે છે. ઠેકઠેકાણે અપાર આત્મજ્ઞાનીઓ મળી રહે છે પણ તેનાથી આ ભવસાગરનો પાર આવતો નથી. હા, આત્મજ્ઞાનનું તો તેટલું ફળ મળે છે કે સુખ-દુઃખના સમયમાં નિર્ભય રહી શકે છે. શરીર સંબંધી દુઃખ તો નદીના જેવું છે તેને જે બુદ્ધિમાન હોય તો તે તરી શકે છે પણ અંતકાળનું દુઃખ તો અપાર સાગરના જેવું છે તેમાં તો મોટા જહાજ સિવાય તરી શકાય નહિ. આત્મજ્ઞાન જેવું સાધન તો તુબંડા કહેવાય. ભગવાનનું શરણ જ મોટું જહાજ છે. ભગવાનનો શરણાગત જ મૃત્યુરૂપી સાગરને તરી જાય છે.

વ્હાલા ભક્તો ! ભગવાનને જ સુખના સાગર માની તેમના સાચા શરણાગત બની શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી શકીએ એવી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં અને મોટા પુરુષોના ચરણોમાં પ્રાર્થના કરીએ.

## ક્રોધ માણસનો મોક્ષ બગાડે છે

- સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભારતીય શાસ્ત્રોમાં પરમાત્માને મેળવવાના યા તો મોક્ષ માર્ગના ઘણા બધા ઉપાયો બતાવવામાં આવ્યા છે. પરંતુ એ બધા સાધનોમાંથી પડતીને પમાડનારૂં જો કોઈ દુર્ગુણરૂપી સાધન હોય તો તે ક્રોધ છે. માણસના જીવનમાં ક્રોધરૂપી દુર્ગણ હશે તો માનવ આ લોક અથવા પરલોકમાં સુખી થતો નથી. માણસે પોતાના જીવનમાં હજારો વર્ષની સાધનાઓ કરેલી હશે. છતાંય પણ એક ક્રોધ રૂપી દુર્ગુણનો અંશ પોતાના જીવનમાં આવશે તો તે જરૂર સાધનાઓ નાશ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં લખ્યું છે જે,

**ક્રોધાન્વતિ સમ્મોહ, સંમોહાત્સ્મૃતિ વિભ્રમ ।**
**સ્મૃતિ ભ્રંશાય બુધ્ધિનાશો, બુધ્ધિ નાશાત્પ્રણશ્યતિ ॥**

ક્રોધથી મોહ ઉત્પન્ન થાય છે. મોહથી સ્મૃતિનો નાશ થાય છે. અને સ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિના નાશથી પ્રાણનો નાશ થાય છે. માટે ક્રોધ છે તે મોટામાં મોટો શત્રુ છે. ક્રોધરૂપી દોષ તે હિંસા આદિક દોષનો મૂળ છે.

મનુષ્યના અંતઃકરણમાં ક્રોધ ઉપજે છે ત્યારે તે ભાન ભૂલી જાય છે. અને હું કોણ છું ? મારું શું કર્તવ્ય છે ? મારાથી આમ ન થાય વિગેરે વિચારો ભૂલી જાય છે ને આંધળો ભીંત જેવો થઈ જાય છે. આથી મારૂં અનિષ્ટ થશે એ વિચાર સરખો પણ તેને આવતો નથી. ને ક્રોધમાં ને ક્રોધમાં પોતાનું કે બીજાનું ગમે તેમ કરી નાખે છે. આટલા માટે ક્રોધને ચાંડાલ, રાક્ષસ કે પિશાચ કહ્યો છે. એ પાપી ક્રોધ જ્યારે બહું વેગથી આર્વિભાવ પામે છે ત્યારે મનુષ્યને ગાંડો બનાવી દે છે. તે સમયે પિતા-પુત્રનો, મા-દીકરાનો, પતિ-પત્નીનો, ગુરુ-શિષ્યનો સંબંધ લોપ થઈ જાય છે. ક્રોધના વેગમાં પુત્ર-પિતાને સાલો કહે છે ને પિતા-પુત્રને સાલો કહે છે. માતા પુત્રને મુઓ વાંઝિયો ઈત્યાદિક અયોગ્ય શબ્દ કહે છે. એટલું જ નહિ પણ પરસ્પર મારા મારી કરે છે. પતિ પત્નીને ક્રોધના આવેશમાં રાંડ કહે છે. આમ ક્રોધ રૂપ રાક્ષસ-ચંડાળ પ્રવેશ કરે છે ત્યારે અયોગ્ય પ્રવૃત્તિ કરાવે છે. ક્રોધમાં મનુષ્ય ગમે તેવું કુવચન બોલે છે ને એથી જુનો નાતો હોય તે એક મિનિટમાં તૂટી જાય છે. સમય જતાં હથિયારનો ઘા રૂઝાય પણ કુવચનનો ઘા રૂઝાતો નથી. જેથી જીવન ભર કલેશ રહે છે.

ગીતાજીમાં ક્રોધને નરકના દ્વારરૂપ કહેવામાં આવે છે. માટે વિચારવંત મનુષ્યે પોતાના અંતઃકરણમાં ક્રોધ ઉપજવા જ ન દેવો જોઈએ. ને ઉપજે તો રોકવો જોઈએ. ધર્મ-અર્થ-કામને મોક્ષ આ ચારેય પુરુષાર્થને બળાત્કારે ક્રોધ નાશ કરનારો શત્રુ છે. માટે ક્રોધ ઉપર જય મેળવવો જરૂરી છે. આત્માના કલ્યાણ માટે મનુષ્યને બહારનો દુશ્મન અડચણ કરતો નથી. પરંતુ ક્રોધ નામનો અંતઃશત્રુ વિક્ષેપ કરે છે. ક્રોધ રજોગુણમાંથી ઉપજે છે. રજોગુણ ચંચળ સ્વભાવ વાળો છે. આને મારૂં ભૂંડું કર્યું એવા આવેશવાળા વિચારથી અપકાર કરનાર પર વેર વાળવાની જે વૃતિ અંતઃકરણમાં વેગથી ઉઠે છે તે ક્રોધનું સ્વરૂપ છે. રીસ અને દ્વેષ પણ ક્રોધનો જ પ્રકાર છે. ભક્તના હૃદયમાં ભગવાન સદાય બિરાજમાન હોય છે. તો ક્રોધરૂપ ચાંડાલને પેસવા દેવો નહિ. જો મોક્ષરૂપ શાશ્વત શાંતિ જોઈતી હોય તો ક્રોધને પોતાના હૃદયમાંથી દૂર જ રાખજો.

ક્રોધ આવે ત્યારે નાડીના ધબકારા વધી પડે છે. ને શરીરમાં તાવ આવે છે. ને ક્રોધથી મગજ પણ તપી જાય છે. ને મુખ પરને આંખમાં લોહી ચઢી આવે છે. ક્રોધ સમયે આંખો લાલ થઈ જાય છે. ને રોમે રોમમાં જાણે દાહ થતો હોય એમ લાગે છે. ક્રોધ શરીર વિષે સંતાપ કલહને વેર ઉપજાવે છે. ક્રોધી માણસનો વિજય ક્યારેય પણ થતો નથી, એમ શાસ્ત્રમાં કહ્યું છે. ક્ષમાવાળા સજ્જન પુરુષોનો સદા વિજય થાય છે.

એક મહાત્મા ઘણા શાંત હતા. તેમનો એવો નિયમ હતો કે કોઈ ગમે તેવું નુકશાન કરે તો પણ ક્રોધ કરવો જ નહિ. ઉલટો તેનો ઉપકાર કરવો. આવા મહાત્મા શાંત સ્વભાવના હતા. આવા મહાત્માના સ્વભાવને કારણે આજુબાજુના ગામોમાં તેમની ઘણી ખ્યાતિ હતી. આ જોઈને બીજા પણ તેમનું અનુકરણ કરે. ગામમાં એક ખરાબ માણસ હતો તે અતિ ક્રોધી હતો. અદેખો હોવાથી મહાત્માની કીર્તિ સહન કરી શક્યો નહિ. તેથી તે મહાત્માને વારંવાર પજવવા લાગ્યો. એક વખતે તે માણસ પોતે મહાત્મા પાસે આવીને બોલ્યો બાપજી હોકો પાવ. ત્યારે મહાત્મા બોલ્યા હું તમાકું ખાતો નથી તેથી મારી પાસે એ કંઈ ન હોય. ઠંડુ પાણી પીવું હોય તો આપું. ત્યારે તે માણસ બોલ્યો, બાવો થયો છે મોટો સિધ્ધનો દીકરો થઈને બેઠો છે. પણ તું તમાકું નથી રાખતો. ત્યારે તને કોણે ડાહ્યો કર્યો હતો કે તું બાવો બનજે ! તારા કરતા તો અમારા મહાત્મા સારા તમાકું તો આપે છે. તું તો ખાઈ પીને પાડા જેવો થયો છે. મારા જેવાનો સત્કાર પણ નથી કરતો. બળ્યું તારૂં જીવતર ! લોકોને ધુતી ખાવા નીકળ્યો. તને સમાધિ ક્યાંથી લાગશે ? તમાકું ખાધા-પીધા વિના સમાધિ ચડે સાંભળી છે ? આમ અનેક રીતે ક્રોધથી મહાત્માને ગાળો ભાંડવા લાગ્યો. બધું સંભાળ્યા પછી પેલા મહાત્મા ખૂબ હસ્યા અને બોલ્યા અરે ભાઈ ! લે આ સાકરવાળું પાણી પીલે ! બહારથી આવ્યો છે તેથી થાકી ગયો હોઈશ ! વળી ઘણું બોલ્યો તેથી માથું દુખતું હશે ! આ ક્રોધી માણસને લાગ્યું કે મેં નઈ નઈ તો બે - ત્રણ કલાકથી ગુસ્સે થઈને ગાળો દીધી હશે છતાં જરાય આ સંતને ક્રોધ આવ્યો નહીં તેથી આને પણ એમ લાગ્યું કે ક્રોધ કરવો તે અતિ ક્રૂરતા છે. તેને પોતાના દુર્ગુણનું ભાન થયું. મહાત્માના પગે પડ્યો અને તેની તેને ભૂલ સમજાણી. ત્યારથી એણે હોકો ભાંગ, તમાકુ, દારૂ ને અફીણ આદિ વ્યસનો છોડી દીધા ને હજારો માણસોને એણે વ્યસનો છોડાવ્યા. માટે મનુષ્યે ક્રોધનો સદા ત્યાગ કરવો. સહનશીલતાને દયા વડે ક્રોધને જીતાય છે. માટે ક્રોધને વશ રાખવો. તો જ મોક્ષ સુધરશે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ અંબરીશ રાજાના પુત્રોના નામ જણાવો ?

પ્ર. ૨ શ્રીમદ્ ભાગવતજીમાં કહ્યું છે કે ''જ્યાંથી સૂર્યનો ઉદય થાય છે અને જ્યાં તે અસ્ત થાય છે તે સંપૂર્ણ પૃથ્વીનો હિસ્સો કોના અધિકારમાં હતો ?''

પ્ર. ૩ ''કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું ?'' તેનો સો ઉત્તર છે ?

પ્ર. ૪ એવી દૃઢ આસક્તિ ભગવાનને વિષે શા થકી થાય છે ?

પ્ર. ૫ સત્સંગી હોય તેને શું તજવું ને શું શું ગ્રહણ કરવું ?

પ્ર. ૬ ધર્મ અર્થ કામને મોક્ષ એ ચારેના રૂપમાં મોક્ષનું રૂપ જણાવો.

પ્ર. ૭ ''શોભા કહિયે શું શ્રીનગરની રે, જેને ગંગા વહે ચોપાસ'' - કીર્તનના રચયિતાનું નામ જણાવો ?

## ઓગસ્ટ-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** દારૂ, માંસ, ચોરી અને અવેરી આ ચારેયનો ત્યાગ કરવો એનું નામ પંચવર્તમાન. **(૨)** ભગવાનનાં દર્શન તથા વાર્તા થાતી હોય તે સમે પોતે ન હોય તો મનમાં દાઝ થાય અને ભગવાનની આજ્ઞા રાજી થકો પાળ ને મન ન અર્પ્યું હોય તેને તો ઉપદેશ કરતાં પણ બીક લાગે. **(૩)** જેને ભગવાનની સારી નરસી સર્વે ક્રિયા કલ્યાણકારી ભાસે તેથી ઓળખાય. **(૪)** ભગવાનનો અચળ નિશ્ચય હોયને સંતનો મહિમા સમજતો હોય તો ન આવે. **(૫)** કકુદર્મી રાજા. **(૬)** સંવત ૧૮૫૯ માં પધાર્યા ત્યારે રઘુનાથ મહિપતરામ સુબેદાર હતા. **(૭)** શશબિન્દુ રાજાના.

૧ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૨ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૩ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૪ ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૫ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૬ સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૭ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૮ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૯ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૦ ભાવસાર વિણાબેન આર. (નવરંગપુરા)
૧૧ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડિયા)
૧૨ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઉંઝા)
૧૩ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૧૪ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૫ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૬ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૭ સાં.યો. સુરજબા, ઝવેરબા, પાર્ષદ દર્શનાબેન (સ્વા. મંદિર બાઈઓનું, વાવોલ)
૧૮ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૧૯ સાં.યો. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૦ ઝોલાપરા શોભના કિશોરભાઈ (સુરેન્દ્રનગર)
૨૧ પટેલ પસાભાઈ કાનદાસ પૂજારી (ડાંગરવા મંદિર)
૨૨ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર)
૨૩ સાં.યો. બહેનો (મોરબી)
૨૪ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૫ હડીયલ અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ (ખસ)
૨૬ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૨૭ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૮ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૯ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૦ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૧ પટેલ દીપિકા કિરણકુમાર (નારણપુરા)
૩૨ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૩ ગવૈયા સ્વામી ચંદ્રપ્રકાશદાસ (માણસા)
૩૪ સ્વામી ઘનશ્યામપ્રકાશદાસ (જમીયતપુરા)
૩૫ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૩૬ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૩૭ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (લાંઘણજ)
૩૮ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૩૯ ચોકસી ઈલાબેન એન. (અમદાવાદ)
૪૦ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (અમદાવાદ)
૪૧ ઓચ્છવ મંડળ, સ્વા. મંદિર એપ્રોચ (બાપુનગર)
૪૨ સાધુ ધર્મકિશોરદાસ (સ્વા. મંદિર એપ્રોચ)
૪૩ ઘર સભા બહેનો (લુણાવાડા)
૪૪ માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૪૫ પટેલ મંગળભાઈ શામળભાઈ (વાવોલ)
૪૬ પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૪૭ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૪૮ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૪૯ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૫૦ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૫૧ પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫૨ પટેલ જયંતીભાઈ હીરાભાઈ (વહેલાલ)
૫૩ પટેલ ધર્મિષ્ઠાબેન ભરતભાઈ (મારૂસણા)
૫૪ પટેલ દિવ્યાંગ બી. (નિર્ણયનગર)
૫૫ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૫૬ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૫૭ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીમદ્ ભક્તિ ચિંતામણી ગ્રંથની પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. ભટ્ટ વસુમતીબેન નવિનચંદ્ર (લુણાવાડાવાળા) ના યજમાન પદે તા. ૩૦-૭-૧૪ થી ૩-૮-૧૪ પર્યન્ત સ.ગુ. શતાનંદમુનિ કૃત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તા પદે સંગીતના સુમધુર તાલે થઈ હતી. સહિંતા પાઠના વક્તા પદે સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી બિરાજ્યા હતા. કથા પ્રારંભ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારે પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લા દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને વ્યાસ પૂજન કરી આરતી ઉતારી યજમાન પરિવાર ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ.ગુ. હરિચરણ સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, શા. નારાયણમુનિ સ્વામી, રામ સ્વામી આદિ સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. (શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જન્માષ્ટમી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ મંદિરના વિશાળ પ્રસાદીના ચોકમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં આપણા ગાયક કલાકાર શ્રી જયેશભાઈ સોની તથા દીપક તલસાણીયા અને સાથી કલાકારોએ સુંદર-કીર્તન ભક્તિ કાર્યક્રમ બાદ રાસ-ગરબાની રમઝટ થઈ હતી. રાત્રે ૧૨-૦૦ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જન્મોત્સવની આરતી ઉતારી હતી. સમગ્ર આયોજન કોઠારી જે.કે. સ્વામી હરિચરણ સ્વામી (કલોલ)ની પ્રેરણાથી સુંદર રીતે સંપન્ન થયું હતું. (શા. સ્વા. નારાયણમુનિદાસ)

**અમદાવાદ મંદિરમાં જલઝીલણીના પરંપરાગત શ્રીગણપતિજીનો વરઘોડો**

સર્વોપરી શ્રીહરિએ વિવિધ સમૈયાઓનું આયોજન કરીને દેરક મુમુક્ષુ જીવનું આત્યંતિક કલ્યાણ કરવું હતું. આ સમૈયાની પરંપરા તેમના જ સ્થાને બિરાજેલા આચાર્ય મહારાજશ્રી દ્વારા અવિરત ચાલું છે. આપણા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તો જલઝીલણીના શ્રી ગણપતિજીના વરઘોડામાં પોતે સ્વયં રચીત કીર્તનના પદ એવા ગાતા કે સ્વયં મહારાજ દિવ્યસ્વરૂપે પધારતા અને ખૂબ રાજી થતા.

આ વરસે પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંતો-હરિભક્તો શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ ભજન-કીર્તન ઓચ્છવ કરતા નારાયણઘાટ મંદિર પહોંચ્યા હતા. નારણઘાટ સાબરમતી નદીમાં ભગવાનને જળક્રિડા કરાવી સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ઓચ્છવ મંડળ સાથે ઓચ્છવ કરતા વરઘોડો મંદિર પહોંચ્યો હતો.

(શા. નારાયણમુનિદાસ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ પ્રેરણાથી વિવિધ ગામોમાં થયેલ સત્સંગ સભાઓ**

**મુબારકપુરા**

તા. ૧૯-૮-૧૪ ના રોજ સાંજના ૪ થી ૬-૩૦ દરમ્યાન સત્સંગ સભા અને ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂન થઈ હતી. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરથી શા. પી.પી. સ્વામી, સ્વા. હરિપ્રકાશદાસજી આદિ સંત મંડળે મહામંત્ર ધૂનનો અલૌકિક મહિમા સમજાવ્યો હતો. સાથે સાથે મહિલા મંડળ દ્વારા સુંદર હિંડોળા ઉત્સવ પણ થયા હતા. નિત્ય અવનવા હિંડોળા બનાવીને ભગવાનને ઝુલાવ્યા હતા.

(અલ્પેશભાઈ મુબારકપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગરમાં અખંડ મહામંત્ર ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝડેશ્વર પાર્ક મહાદેવનગરમાં સંત-હરિભક્તોએ સાથે મળી તા. ૨૭-૭-૧૪ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સવારે ૫-૩૦ થી સાંજના ૫-૩૦ સુધી કરી હતી. ધૂનમાં ઘણા ભક્તો જોડાયા હતા. સંતોમાં જીષ્ણુ સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, બાલુ સ્વામી, ભક્તિ સ્વામી અને નિલકંઠ સ્વામી આદિ સંતોએ ભગવાનનો મહિમા કહ્યો હતો. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (પૂજારીશ્રી, મહાદેવનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા**

તા. ૨૭-૭-૧૪ ના રવિવારના રોજ મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સુંદર સત્સંગ સભાનું આયોજન થયું હતું. જેમાં શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, બાલુ સ્વામી આદિ સંતોએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહિમા કથામાં કહ્યો હતો. યુવક મંડળે સુંદર કીર્તન ભક્તિ કરી હતી. ૫૦૦ જેટલા ભક્તોએ સભાનો લાભ લઈ શ્રી નરનારાયણદેવ મહોત્સવની જાણકારી પણ મેળવી હતી. (પૂજારીશ્રી, મોટેરા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણનો કાર્યક્રમ**

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા કોઠારી જે.કે. સ્વામી તથા

શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીની પ્રેરણાથી ૧૦૦૦ તુલસીના રોપા અને ૧૦૦૦ આસોપાલવના રોપાનું વિતરણ જન્માષ્ટમીના શુભ દિને કરવામાં આવ્યું હતું.

**નારાયણઘાટના આંગણે વૃક્ષારોપણ**

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સવા લાખ વૃક્ષારોપણના આયોજન પૈકી અત્રે નારાયણઘાટ મંદિર ખાતે અત્રેના મહંત શા. પી.પી સ્વામી દ્વારા સુંદર વૃક્ષારોપણના અનુસંધાનમાં દરેક ભક્તને તુલસી અને એક આસોપાલવ એમ કુલ ૩૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ.પૂ. મહારાજશ્રીના આવા પર્યાવરણના સુંદર આદર્શરૂપ સંકલ્પને સૌ ભક્તોએ વધાવ્યો હતો. (ડોકટર ગોવિંદભાઈ)

**એપ્રોચ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ**

પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળ પર્યાવરણ પ્રેમી છે. તેમના અલૌકિક જીવનમાંથી પ્રેરણા લઈ શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં અમદાવાદ સીટીમાં વૃક્ષારોપણનો સુંદર કાર્યક્રમ થયો. જેમાં એપ્રોચ-બાપુનગર યુવક મંડળ દ્વારા દરેક સીટી એરિયાના આપણા મંદિરોમાં વૃક્ષના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(શા. નારાયણમુનિદાસજી)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડી દ્વારા વૃક્ષના રોપાનું વિતરણ**

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડી દ્વારા તા. ૧૬-૮-૧૪ ના રોજ નીચેના ગામોમાં વૃક્ષારોપણ-વિતરણ કાર્યક્રમ સંપન્ન થયો.

બદપુરા, ઈશ્વરપુરા, બાલવા, આમજા, પ્રતાપપુરા, લિંબોદ્રા, કલ્યાણપુરા, ભીમપુરા, ગુલાબપુરા અને ઈટાદરા ગામે હરિભક્તો તથા યુવક મંડળને વૃક્ષા રોપણનું વિતરણ કરવામાં આવ્યું હતું. હિરાવાડી યુવક મંડળના સંજયભાઈ, પ્રવિણભાઈ, કૌશિકભાઈ અને વિજાપુરના પોપટભાઈ, ચંદ્રકાન્તભાઈ અને રસિકભાઈ આદિ વૃક્ષારોપણની સેવામાં જોડાયા હતા. (મહેન્દ્રભાઈ એ. પટેલ, હિરાવાડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ પંચાન્હ પારાયણ અને સમૂહ મહાપૂજા**

સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અત્રે એપ્રોચ મંદિરના દશાબ્દી મહોત્સવના ઉપક્રમે તા. ૧૮-૮-૧૪ થી ૨૨-૮-૧૪ પર્યન્ત અત્રે મંદિરના કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવનની રાત્રી પારાયણ શ્રી રમેશભાઈ આર. માંદળિયા અને શ્રી અરવિંદભાઈ ગજ્જરના યજમાનપદે થઈ હતી. આ પ્રસંગે કાલુપુર અને કાંકરિયા મંદિરના સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપેલ.

સમૂહ મહાપૂજામાં ૧૮૫ ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી સૌને દર્શન આપવા પધાર્યા હતા. શ્રી ઘનશ્યામ મહારાજની રાજભોગ આરતી ઉતારી મહાપૂજામાં બિરાજ્યા હતા. ત્યારબાદ સભામાં સૌને રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અત્રે હિંડોળા તથા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખડેપગે સેવા બજાવી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. (ગોરધનભાઈ સીતાપરા

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં હિંડોળા ઉત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે તા. ૧૭-૭-૧૪ થી તા. ૧૨-૮-૧૪ પર્યન્ત ઠાકોરજી સમક્ષ ભવ્યાતિ ભવ્ય સુંદર બેનમૂન હિંડોળા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સંત મંડળે તૈયાર કરી શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા હતા. શ્રાવણ સુદ-૧ થી જન્માષ્ટમી પર્યન્ત શ્રીહરિએ માતાભક્તિદેવીને આપેલ અલૌકિક જ્ઞાન એટલે હરિગીતાની કથા તેમજ શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. કથાની પૂર્ણાહુતિ બાદ ગાયક કલાકાર શ્રી મયંક મોદી અને સાથી કલાકારોએ નંદસંતો રચિત કીર્તન ભક્તિની રમઝટ બાદ રાસ ગરબા અને રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ખૂબજ હર્ષ ઉલ્લાસભેર ઉજવ્યો હતો. આ પ્રસંગે બાલુ સ્વામી અને અત્રે ભણતા વિદ્યાર્થીઓ અને યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(ફુલ મંડળી - નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા સત્સંગ સભા**

શ્રીજી મહારાજના દિવ્ય ચરણોથી અંકિત પાવન પવિત્ર ભૂમિ ગવાડા ગામે તા. ૧૧-૮-૧૪ ના રોજ રાત્રે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બિલોદરા દ્વારા કીર્તન ભક્તિ તથા નારાયણઘાટ મહંત સ્વામી પી.પી. સ્વામી અને અત્રેના વારાવાળા સંત કૂજવિહારી સ્વામીએ સુંદર કથાવાર્તા રૂપી જ્ઞાન આપી સૌને રાજી કર્યા હતા. અ.નિ. અમૃતભાઈ તથા અ.નિ. ચતુરભાઈની ત્રયોદશા નિમિત્તે ૧૦ મિનિટ મહામંત્ર ધૂન કરી હતી. સંતોએ શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં સૌ ભક્તોને તન, મન, ધનથી સેવા કરવા હાકલ કરી હતી.

(કોઠારી મણીભાઈ)

**વિજાપુરમાં સત્સંગ સભા**

અત્રે વિહાર ગેરીતા દેશના સર્વે ભક્તોની વિજાપુરમાં સુંદર સભામાં શા. કૂજવિહારી સ્વામીએ શ્રી નરનારાયણદેવ મહોત્સવની સંપૂર્ણ માહીતી પુરી પાડી હતી. શ્રી ભરતભાઈ પટેલ સભાના યજમાન રહ્યાં હતા. એજ રીતે શા. કૂજવિહારી સ્વામીએ વેડા, પાલડી વ્યાસમાં પણ સભા કરી હરિભક્તોને રાજી કરી ઉત્સવની માહિતી આપી હતી.

**બાયડ અને આકરૂંદ ગામમાં સત્સંગ સભા**

અત્રેના ગામોમાં શા. કૂજવિહારી સ્વામીએ શ્રી નરનારાયણદેવનો મહિમા તથા મહાપૂજા કરી દરેક ભક્તોને રાજી કર્યા હતા. શ્રી હાર્દિકભાઈએ મહાપૂજાના યજમાન બની લાભ લીધો હતો. (શા. કુંજવિહારીદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખારોલ**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખારોલ ખાતે પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ

યુવક મંડળ દ્વારા દર એકાદશીના આ વિસ્તારમાં જુદાં જુદાં ગામે સુંદર સત્સંગ સભામાં શ્રી નરનારાયણદેવ, ધર્મકુળનું માહાત્મ્ય અને શ્રી નરનારાયણદેવ મહોત્સવની રૂપરેખા અને શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો બનાવવાની ઝુંબેશ પણ શરૂ કરી છે. (પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, ખારોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા મહિલા મંડળ દ્વારા તા. ૧-૩-૧૪ થી તા. ૭-૭-૧૪ સુધી ૭૨૧ કલાકની મહામંત્ર ધૂન**

સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી ઘનશ્યામ મહિલા મંડળ નારણપુરાના બહેનો દ્વારા તા. ૧-૩-૧૪ થી તા. ૧-૭-૧૪ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૭૨૧ કલાકની ધૂન કરી હતી. નિત્યે સવારના ૬ થી સાંજના ૬ સુધી દરેક બહેનો ધૂનમાં જોડાઈ જતા. ધૂન દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધારીને બહેનોમાં ઉત્સાહ પ્રેરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે નારણપુરા મંદિરથી સવારે ૪ કલાકે અમદાવાદ મંદિર પદયાત્રા યોજી હતી. જેમાં ૨૦૦ ઉપરાંત બહેનો જોડાયા હતા. શ્રી નરનારાયણદેવની મંગળા આરતીના દર્શન કરી હવેલીમાં સાંખ્યયોગીબાની ઉપસ્થિતિમાં ૩ કલાક ધૂન કરી હતી. છેલ્લે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સમસ્ત બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર બહેનો તરફથી અમદાવાદ મંદિર અને નારણપુરા મંદિરમાં રસોઈ આપવામાં આવી હતી. જેમાં ૫૦૦ બહેનોએ મહાપ્રસાદ લઈ જીવન ધન્ય બનાવી ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

(નારણપુરા શ્રી ઘનશ્યામ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રીકૃષ્ણ જન્મોત્સવ - અમરનાથ દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા શા. આનંદ સ્વામીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ કૃષ્ણ જન્માષ્ટમીના સિધ્ધેશ્વર મહાદેવમાં બરફના અમરનાથના દર્શન કરાવ્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

**સિધ્ધેશ્વર મહાદેવ સમક્ષ મહારૂદ્ર યજ્ઞ** સુંદર રીતે ઉજવાયો. જેમાં ઘણા ભાવિકો પૂજામાં જોડાયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે સાંજે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીએ શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી આશીર્વાદ આપ્યા હતા. સાથે સાથે સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક કરી આરતી ઉતારી હતી. સૌ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી ધન્ય થયા હતા.

**શ્રાવણ માસમાં કથા :** પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે આખો શ્રાવણ માસ સાંજે સ.ગુ. શા. હરિકૃષ્ણદાસજી (બાપુનગર મંદિર) એ સુંદર કથા કરી હતી. કથાની પૂર્ણાહુતિ શ્રાવણ વદ અમાસના સ.ગુ. વયોવૃધ્ધ માધવ સ્વામી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ કરી હતી. કાંકરિયા વિસ્તારના ભક્તોએ આખો શ્રાવણ માસ કથાનો લાભ લીધો હતો.

(નરોત્તમ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ૨૧ મું જ્ઞાનસત્ર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા વયોવૃદ્ધ સંત હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી સ.ગુ. શા. માધવ સ્વામીના માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ખાતે મહંત શા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ તા. ૧૫-૮-૧૪ થી ૧૯-૮-૧૪ પર્યન્ત પ.ભ. ભગવાનદાસ નાગરદાસ પટેલના મુખ્ય યજમાનપદે અને પ.ભ. નટુભાઈ મગનભાઈ પટેલના સહ યજમાનપદે થઈ હતી. કથા પ્રારંભે બન્ને યજમાનોના ઘરેથી પોથીયાત્રા ધામધૂમથી નારણપુરા મંદિર આવી હતી.

નિજ મંદિરમાં બન્ને યજમાનશ્રીઓએ વ્યાસપીઠનું પૂજન આરતી કરી સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા શા. કૃષ્ણજીવન સ્વામીએ અમૃત વાણીનો લાભ આપેલ. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પણ ધામધૂમથી ઉજવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી અને શા. માધવપ્રસાદ સ્વામીએ યજમાનોની સેવાને બિરદાવી હતી. નારણપુરાના હરિભક્તોએ સતત પાંચ દિવસ અલૌકિક કથા શ્રાવણનું પાન કરી ધન્ય ધન્ય બન્યા હતા. છેલ્લે સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. સભા સંચાલન સ્વા. પ્રેમસ્વરૂપદાસે સુંદર કર્યું હતું. (ઘનશ્યામભાઈ પટેલ, ઉવારસદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરમાં પંચદિનાત્મક પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ વિરાજીને હરિભક્તોને કથારસમાં તરબોળ કર્યા હતા. મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના આગામી રજત જયંતી મહોત્સવ પ્રસંગમાં સૌને સેવા કરવા ભલામણ કરી હતી. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુર મંદિરથી મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીએ પધારીને સૌ ભક્તોને નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા ભલામણ કરી આશીર્વાદ આપ્યા હતા. (ડૉ. કે.કે. પટેલ હિંમતનગર, સ્કીમ કમિટી સભ્યશ્રી, કાલુપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તા. ૪-૭-૧૪ અષાઢ સુદ-૭ ના શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદનો ૩૭ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુરધામથી મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. સ્વા. ભક્તિવલ્લભદાસજી, વી.પી. સ્વામી, શા. ભક્તિનંદન સ્વામી, માણસા થી ઘનશ્યામ સ્વામી તથા શા. ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ પધારી હરિભક્તોને રાજી કર્યા હતા. શા. ભક્તિનંદનદાસજીએ સમગ્ર પ્રસંગની રૂપરેખા સમજાવી હતી. શા. ઘનશ્યામ સ્વામીએ દૃષ્ટાંત સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. અને શા. આત્મપ્રકાશ સ્વામીએ પાટોત્સવ-મહાપૂજાના યજમાનશ્રીને શાલ ઓઢાડી પુસ્તક ભેટ આપી આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ.શા. સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અહીં છેલ્લા ૧૫ વર્ષથી મંદિરમાં ઠાકોરજીની સેવા પૂજા કરતા અ.નિ.બ્ર.સ્વા. સંતોષાનંદજી ગુરુ બ્ર. મુનિ સ્વામીની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે તા. ૧-૮-૧૪ થી તા. ૫-૮-૧૪ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્યની રાત્રીય પંચાન્હ પારાયણ શા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે વિધિવત રીતે થઈ હતી. આ પ્રસંગે પોથીયાત્રા પણ વાજતે ગાજતે ધામ-ધૂમથી નીકળી હતી. (જે.ડી. ઠક્કર, સાણંદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નરોડા મંદિર સત્સંગ સમાજના સાથ-સહકારથી અત્રે મંદિરમાં છેલ્લા ૧ વર્ષથી દરમાસના ૪ થા રવિવારે સવારે ૮ થી ૧૨ સત્સંગ સભા થાય છે. જેમાં અમદાવાદ મંદિરથી પૂ. બળદેવ સ્વામી તથા હરિજીવન સ્વામી તેમજ એપ્રોચ મંદિરથી શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, તથા ભક્તિનંદદાસજી સ્વામી કથા-વાર્તા ધૂન કીર્તનનો લાભ આપે છે. બેચરભાઈ પરમાર સભા સંચાલન કરે છે. ઘણા ભક્તો સભાનો લાભ લે છે. યુવક મંડળના પ્રમુખશ્રી રાકેશભાઈ પટેલના માર્ગદર્શનથી યુવક મંડળે કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાપુનગરના ધરતીબેન એમ. ખીચડીયાએ બહેનોની સભામાં આખો શ્રાવણ માસ શ્રીમદ્ સત્સંગિભૂષણની કથા સંભળાવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (પાટીદાર) ડાંગરવા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના અતિ રાજીપા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (પાટીદાર) ડાંગરવા ધામમાં શ્રીહરિ દહીં-દૂધ લીલા ઉત્સવ (દ્વિશતાબ્દી મહોત્સવ ભક્તરાજ શ્રી જતનબાનો) તા. ૨૩-૭-૧૪ થી ૨૭-૭-૧૪ પર્યન્ત ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) ના વક્તાપદે સંગીતના તાલે થઈ હતી. ડાંગરવા ગામ અને આજુબાજુના ગામોથી ભક્તોએ કથા શ્રવણનું પાન કરી ધન્ય બન્યા હતા. સભા સંચાલન સિધ્ધપુર મહંત શા. ચંદ્રપ્રકાશદાસજીએ કર્યું હતું. સાથે સાથે ત્રિદિનાત્મક શ્રીહરિયાગમાં ઘણા ભક્તોએ લાભ લીધો હતો.

ઉત્સવ પ્રસંગમાં તા. ૨૪-૭-૧૪ ના રોજ આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હરિભક્તોએ સુંદર વરઘોડો કાઢીને સામૈયુ કર્યું હતું. અને સૌ ભક્તો પર રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. તા. ૨૫-૭-૧૪ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિયાગની પૂર્ણાહુતિ થઈ હતી. સૌ ભક્તોને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૬-૭-૧૪ના રોજ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને છેલ્લે પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૨૭-૭-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને બન્ને મંદિરોમાં ઠાકોરજીની આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ કરીને સંતો હરિભક્તોને રાજી કરવા દહીં-દુધ લીલા ઉત્સવ ઉજવી સૌને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. હજારોની સંખ્યામાં હરિભક્તોએ ઉત્સવને માણી દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. ધામોધામના ઘણા સંતો પણ પધાર્યા હતા. શ્રીહરિ અને જતનબાના ૨૦૦ વર્ષના દહીં દૂધ લીલા પ્રસંગના તાદૃશ દર્શન સૌને થતા હતા. ડાંગરવા ગામને અને ડાંગરવા ગામના હરિભક્તોને ધન્ય છે. સમગ્ર પ્રસંગમાં જેતલપુરધામના પૂ.પી.પી. સ્વામી પ્રેરક રહ્યાં હતાં.

**હિંડોળા દર્શન** આખો માસ અહિં મંદિરમાં અવનવા હિંડોળ બનાવી શ્રીહરિને ઝુલાવ્યા હતા. (કોઠારીશ્રી બળદેવભાઈ વિ. પટેલ અને સમસ્ત હરિભક્તો ડાંગરવા)

**ગોકુલપુરા (ઈડર દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હિંમતનગર મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને ૨૫ વર્ષ પુરા થતા હોઈ રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ગોકુલપુરા ગામમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ બાદ હિંમતનગર મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ દેવની નિષ્ઠા મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. (જસુભાઈ એસ. પટેલ, ના. મામલતદાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટા વિભાગ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (વાંટો) (બહેનોનું)માં આખા શ્રાવણ માસ દરમ્યાન વિવિધ પ્રકારના હિંડોળા જેવા કે, સૂકામેવા, ફળ ફળાદિ, ફુલ, ચોકલેટના અવનવા હિંડોળા બનાવી શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવીને દર્શન કરાવ્યા હતા. મોટી સંખ્યામાં બહેનોએ દર્શનનો લાભ લીધો હતો. રોજ સત્સંગ અને કીર્તન-ભક્તિ અને હિંડોળા આરતી થતી હતી.

(સત્સંગ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત શા. ઘનશ્યામ સ્વામીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ

કલાત્મક વિવિધ હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. ચંદ્રપ્રકાશ સ્વામીની પ્રેરણાથી યાસિનભાઈ, પંકજભાઈ આદિ ભક્તો, હિંડોળામાં સેવા બજાવતા હતા. શ્રાવણ માસમાં દશમ સ્કંધની કથા ઘનશ્યામ સ્વામી અને સી.પી. સ્વામીએ કરી હતી.

પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં તથા ગાદી અભિષેક દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં માણસા મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણા ભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લીધો હતો. સમગ્ર મહાપૂજા વિધિ સી.પી. સ્વામી તથા માધવ પૂજારીએ કરાવી હતી. (કોઠારી ચંદ્રપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલમાં ભવ્ય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર) તથા સ્વામી નિલકંઠચરણદાસજીએ શ્રી નરનારાયણદેવના મહિમાની વાતો કરી હતી. છેલ્લે હિંમતનગર મંદિર રજત જયંતી મહોત્સવની જાહેરાત કરી હતી.

(કોઠારી કિરીટભાઈ ઈલોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલમાં શ્રાવણ માસમાં અવનવા હિંડોળાનું આયોજન કર્યું હતું. જેમાં ફળફુલ, શાકભાજી, સુકામેવા, ચોકલેટ, જરી, ૯ મહા મંદિર આદિ હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવી દર્શન કરાવ્યા હતા. હરિભક્તોએ સુંદર આયોજન કર્યું હતું. શ્રાવણ માસની કથાનો લાભ શા. નંદકિશોરદાસજી સ્વામી (સાપાવાડા)એ આપ્યો હતો.

(કોઠારી વિષ્ણુભાઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં કૃષ્ણ જન્માષ્ટમીનો સમૈયો ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ મૂળીના મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો પરંપરાગત સમૈયો પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ભવ્યતાથી ઉજવાયો.

સૌ પ્રથમ સાંજના પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે મૂળી મંદિરના મહંત સ્વામી અને વડીલ સંતો દ્વારા સુંદર સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી મંદિરના ચોકમાં આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં એક કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણ સ્વહસ્તે કરી નવનિર્મિત "શ્રી રાધાકૃષ્ણદેવ યાત્રિક ભૂવન" નું કામ જોઈ રાજી થઈ સભામાં બિરાજમાન થયા હતા. સભામાં મહંત સ્વામી, સંતો અને અગ્રગણ્ય હરિભક્તોએ પુષ્પહાર પહેરાવી પૂજન કર્યું હતું. શ્રાવણ માસની કથા શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે ચાલુ થઈ હતી. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કચ્છના હરિભક્તોની સંપૂર્ણ સેવાથી અમદાવાદ મંદિરથી પ્રકાશિત મહાગ્રંથ વચનામૃત અને ભક્તચિંતામણી ગ્રંથ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પાઠ કરવા માટે દરેક હરિમંદિરોમાં ભેટ અપાયા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો. મૂળી દેશના હજારો ભાવિકોએ દેવદર્શન, ધર્મકુળ દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યુ હતું. સભા સંચાલન શ્રી શૈલેન્દ્રસિંહ ઝાલાએ સુંદર રીતે શોભાવ્યું હતું. અન્ય સેવામાં વ્રજ સ્વામી, હરિકૃષ્ણ સ્વામી, જે.કે. સ્વામી, ભરત ભગત અને પ્રવિણ ભગત જોડાયા હતા.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વા. પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં આખો શ્રાવણ માસ કલાત્મક વિવિધ હિંડોળા બનાવી શ્રીહરિને ઝુલાવી હરિભક્તોને દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગેના દૈનિક પેપર અને ઈલેક્ટ્રોનિક મીડીયા સુંદર કવરેજ દ્વારા સૌને ઘેર બેઠા દર્શન કરાવ્યા હતા. સમગ્ર સેવા શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીની દેખરેખ હેઠળ પંકજભાઈ પરીખ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કરી હતી.

**કથા - પરાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની પારાયણ શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીના વક્તાપદે શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ-અમાસ સુધી થઈ હતી. ઘણાજ ભાવિકભક્તોએ કથાનો લાભ લીધો હતો. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી દ્વારા થયું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં મૂળી દેશના ગામોમાં અખંડ ધૂન**

શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં મૂળી દેશના ૩૦ ગામોમાં શ્રાવણ માસમાં ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન થયું હતું. શ્રાવણ વદ અમાસના સુરેન્દ્રનગર મંદિરમાં ધૂનની પૂર્ણાહુતિ થઈ હતી. જેમાં આજુબાજુના ગામોના હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતા. અમદાવાદથી મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ ફોન દ્વારા સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સંચાલન કોઠારી સ્વા. કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. જેમાં મેથાણ ગામના હરિભક્તો સાથે માર્ગદર્શક નિલકંઠ સ્વામી ગુરુ જીષ્ણુ સ્વામી રહ્યાં હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (ખારી વાડી) હિંડોળા દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પ્રેરણા-

આશીર્વાદથી હળવદના બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં સુંદર ભવ્ય ૧૨ બારણાના હિંડોળાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ હિંડોળાના દર્શન કરવા પધાર્યા હતા. દર્શન કરી રાજી થઈ બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હળવદ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ દર્શન કરી રાજી થયા હતા. સમગ્ર હિંડોળાની સેવામાં સાં. મધુબા, નીતાબા, મનીષાબા આદિ બહેનોએ ખૂબજ ભાવથી સેવા કરી પ.પૂ. ગાદીવાળાશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

(પ્રતિ.શ્રી અનીલ દુધરેજીયા, ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના વાંકાનેર શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) માં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઝુલાવવામાં આવ્યા હતા. હરિભક્તો દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. સમગ્ર સેવામાં કોઠારી જયકૃષ્ણદાસ તથા ધ્યાનીમંડળના હરિભક્તોએ (મૂળીના શા. સ્વા. ગોપાલચરણદાસજીના મોટા ગુરુભાઈ અ.નિ. ધ્યાની સ્વામીના નામથી ચાલતું મંડળ) તમામ પ્રકારની સેવા કરી હતી. (પરેશભાઈ ઝવેરી)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો ઈટાસ્કા ૧૬ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળના શુભ આશીર્વાદથી શિકાગો - ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૬ મો પાટોત્સવ આનંદ ઉત્સાહ પૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં 'શ્રી શિક્ષાપત્રી ભાષ્ય' નવાહ્ન પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તા પદે સુંદર શૈલીમાં સુમધુર કંઠે સંપન્ન થઈ. મહોત્સવની શરૂઆતમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૧૬ કલાકની અખંડ ધૂન કરવામાં આવી. ત્યાર પછી પારાયણ, શ્રીહરિયાગ, સમૂહ આદિનારાયણ મહાપૂજા, મંદિરમાં બિરાજતાં દેવોનો મહાભિષેક, તેમજ અન્નકૂટ દર્શનનું સુંદર આયોજન સંપન્ન થયું.

શિકાગો - ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિરના આ ૧૬ માં પાટોત્સવની સુંદર યાદગીરી હતી. જેમાં દેશવિદેશથી પધારેલ સોળ - સોળ સંતોની સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન દિવ્ય સભાખંડમાં થતાં હતાં. હરિભક્તોથી ભરચક સભા ખંડ અને હરિભક્તોનો આનંદ ઉમળકો જોઈ પ.પૂ. મોટામહારાજશ્રી ખૂબ પ્રસન્ન થઈ દરરોજ રૂડા આશીર્વાદ આપતાં. પૂ. સંતોની અમૃતવાણીનો પણ લાભ મળતો.

પાટોત્સવના મુખ્ય યજમાન પદે પ.ભ. વિષ્ણુભાઈ, શ્રીમતી મંજુલાબેન પટેલ (સોજાવાળા) પરિવાર, સહ યજમાન પ.ભ. ઠાકોરભાઈ અને શ્રીમતિ જયશ્રીબહેન પટેલ પરિવાર (ઉવારસદ), પારાયણના યજમાનપદે પ.ભ. કનુભાઈ અને શ્રીમતી જ્ઞાનીબહેન પરિવાર (સલાલ), પ.ભ. ઈશ્વરભાઈ અને શ્રીમતી મધુબહેન પટેલ પરિવાર (વડુ) વગેરેએ સેવાનો લાભ લીધો હતો. પ.ભ. ઘનશ્યામભાઈ (દેવુસણા), પ.ભ. જ્યોતિન્દ્રભાઈ (બારેજા), પ.ભ. ગોવિંદભાઈ (વડુ), પ.ભ. પંકજભાઈ અને પ.ભ. મહેન્દ્રભાઈ (વડુ) અન્ય પ્રસંગોના યજમાને પદે રહ્યાં હતાં.

પ.પૂ.અ.સૌ. શ્રી મોટાગાદીવાળાશ્રીએ બહેનોની અલગ સભામાં સત્સંગ અને ભક્તિ વિષે સુંદર આશીર્વચન આપ્યા હતા.

મંદિરમાં બિરાજતા દેવોનો મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદના વચનો હમેંશાં અહીંના સત્સંગ સમૂદાયને વધુને વધુ બળવાન બનાવે છે જે ખૂબજ મોક્ષદાયી છે.

અહીંના મંદિરના મહંત પૂ. જે.પી. સ્વામી અને શાસ્ત્રી વિશ્વવિહારીદાસજીના સહયોગથી તેમ જ નાની મોટી સેવા કરનાર સત્સંગ સમૂદાયથી આ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો. (વસંત ત્રિવેદી - શિકાગો)

**લુઈવીલ (કંટકી) મૂળીધામ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમેરિકાના લુઈવીલ (કંટકી) મૂળી ધામમાં આઈ.એસ.એસ.ઓ. ના મહામંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્તવિધિથી સંપન્ન થઈ.

આ મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કથાકારશ્રી યોગેન્દ્ર ભટ્ટના વક્તાપદે સંપન્ન થઈ. કથામાં આવતા પ્રસંગો શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂકમણી વિવાહ ધામધૂમથી ઉજવ્યા હતા. આ પ્રસંગમાં અનેક ભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. ભૂદેવો અને હરિભક્તોએ સજોડે મહાપૂજામાં લાભ લીધો હતો.

આ પ્રસંગે ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. જેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે હજુરી પાર્ષદ વનરાજ ભગત, કનુ ભગત, શા. પી.પી. સ્વામી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, શા. ધર્મવલ્લભદાસજી સ્વામી, વ્રજ સ્વામી, હરિનંદન સ્વામી, જે.પી. સ્વામી, વિશ્વવિહારી સ્વામી, જયપ્રકાશદાસ, યોગી સ્વામી, સર્વેશ્વર સ્વામી, માધવ સ્વામી, ધર્મકિશોર સ્વામી, શા. પૂર્ણપ્રકાશદાસજી, શા. શ્રીજી સ્વામી, સ્વયંપ્રકાશદાસ, શા. રામ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી અને હરિકૃષ્ણ સ્વામી અને હજારો હરિભક્તો શોભાયાત્રામાં કીર્તન ભક્તિ રાસ-ગરબાની રમઝટ બોલાવતા હતા. સુંદર ફ્લોટમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સૌને પ્રસન્ન ચિત્તે દર્શન આપતા હતા. ઈસોના આપણા દરેક મંદિરોના પ્રેસિડેન્ટ તથા અગ્રગણ્ય હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. શોભાયાત્રા બાદ મુખ્ય મંદિરના મુખ્ય પ્રવેશદ્વારના ઉદ્ઘાટનમાં પ.પૂ. આચાર્ય

મહારાજશ્રી સાથે યજમાન પરિવારે અલૌકિક લાભ લીધો. શનિવાર રાત્રે સત્સંગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં અનેક બાલ કલાકારોએ લાભ લીધો. તા. ૧૭-૮-૧૪ શ્રાવણ વદ રવિવારના શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પ્રાતઃ નિજ મંદિરના મધ્ય સિંહાસનમાં દૈદિપ્યમાન દેવોની પ્રાણ પ્રતિષ્ઠા જળ - કેશરનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ શણગાર અને અન્નકૂટ આરતી થઈ.

આ પ્રસંગમાં હજારો અમેરિકા વસતા આપણા હરિભક્તોએ દર્શનનો મહાલાભ લીધો. પ્રાસંગિક સભામાં યજમાન ભક્તોનું, દરેક પ્રેસિડેન્ટ, કમિટી સભ્યો અને નાની મોટી સેવા કરનાર ભક્તો આદિ સૌની સેવાને બિરદાવવામાં આવી. લુઈવીલ કંટકી સ્ટેટના મેયર તથા તેમની સાથે પધારેલા શ્રી કુલકર્ણીનું સન્માન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ કર્યું હતું. મહાનુભાવ સંતોએ મૂળીધામ મંદિરનું મહત્વ અને મહિમા સમજાવ્યો હતો. છેલ્લે સમસ્ત સભાને **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે, આજે ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન થયા છે. તો તેમના વચનોને યાદ કરીને મૂર્તિને અંતરમાં ઉતારી દર્શન કરશો તો તમારી દરેક મનોકામના પૂર્ણ થશે. વેક્યુમ કલિયર કરવાનું સ્થળ એ આવા મંદિર દ્વારા જ થઈ શકે.** આવા અલૌકિક આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ન્યુજર્સીમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના નરનારાયણ સ્વામીની પ્રેરણાથી શ્રાવણ સુદ-૧૫ બળેવ - રક્ષાબંધન પર્વ પ્રસંગે સાંજના ૫ થી ૮ સૌ પ્રથમ મહામંત્ર ધૂન, કીર્તન, ભક્તિ અને ઠાકોરજીની આરતી થઈ હતી. આખો દિવસ દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી. સ્વામીએ કથામાં રક્ષાબંધન ના તહેવારનું મહાત્મ્ય કહ્યું હતું. સમગ્ર બહેનોએ શ્રી ઘનશ્યામ મહારાજને વિવિધ રાખડીઓ અર્પણ કરી હતી. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી બાદ મહાપ્રસાદ સૌએ લીધો હતો. (પ્રવિણ શાહ

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડા ૬ઠ્ઠો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કેનેડા (ટોરન્ટો) નો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો.

તા. ૧૫-૮-૧૪ ના પારાયણના ઉપલક્ષમાં પોથીયાત્રા નિજ મંદિરથી કથા સ્થળે ધામધૂમથી પહોંચી હતી. તા. ૧૫-૮-૧૪ થી ૧૭-૮-૧૪ પર્યન્ત ત્રિદિનાત્મક 'શ્રીહરિ ઐશ્વર્ય દર્શન' પારાયણ શા. સ્વા. યજ્ઞપ્રકાશદાજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે દશ વર્ષના લાંબા સમયબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાના ભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપવા ખાસ પધાર્યા હતા.

બહેનોના અતિ આગ્રહને વશ થઈ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ૧૦ દિવસ સતત બે વાર બહેનોની સત્સંગ સભા કરી દર્શન આશીર્વાદનું સુખ આપ્યું.

આ પ્રસંગે મહાપૂજાનું પણ આયોજન થયું હતું. જેમાં ઘણા હરિભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લીધો હતો. તા. ૧૭-૮-૧૪ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કેનેડા મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક પાટોત્સવ વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. મહાપૂજા અને પારાયણની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આ પ્રસંગમાં અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. બ્ર. સ્વા. પવિત્રાનંદજી (બોસ્ટન), શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (ચેરીહીલ), શ્રીજી સ્વામી (વિહોકન) અને હજુરી પાર્ષદ કનુ ભગત ઉપસ્થિત રહ્યાં હતાં. ઘણા હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી. પ.ભ. દશરથભાઈ ચૌધરી (પ્રેસિડેન્ટ)એ આભાર વિધિ કરી હતી. પ્રેસી. શ્રી નટુભાઈએ પણ સુંદર પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું.

રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી થઈ હતી. સંત-હરિભક્તોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

**પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે અમે પહેલીવાર જન્માષ્ટમી કેનેડામાં ઉજવી એનો અમને બહુ આનંદ થાય છે.** આ ઉત્સવમાં યુવાનો અને બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. પૂજારી આશિષ ભગતે ભગવાનની સુંદર સેવા કરી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ અતિ રાજી થઈને નાના-મોટા દરેક હરિભક્તો સાથે ગૃપમાં ફોટો પાડ્યો હતો. હરિભક્તો ખૂબ રાજી થયા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સેક્રેટરી શ્રી રસિકભાઈ પટેલે સુંદર રીતે કર્યુ હતું. પાટોત્સવના દર્શન હજારો હરિભક્તોએ કરીને ધન્યતા અનુભવી હતી.

**પિયોરિયા (આઈ.એસ.એસ.ઓ.) ચેપ્ટર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી અત્રે પિયોરિયા ચેપ્ટરમાં દર રવિવારે સત્સંગ સભા થાય છે. ૧૦ ઓગસ્ટ રક્ષાબંધન પ્રસંગે ધૂન-ભજન કરી ભગવાનને રાખડીના હિંડોળામાં ઝુલાવ્યા હતા. બાળકોએ બહેનોની પાસે રાખડી બંધાવી આનંદ માણ્યો હતો.

૧૭ ઓગસ્ટ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના ભગવાનને પારણામાં ઝુલાવી ધૂન-ભજન કરી રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો. બાળકોએ સુંદર કીર્તન ગાયા હતા. (રમેશ ટી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ**
**મોબાઈલ નં. : ૯૦૯૯૯૩૯૩૭૬**
**અક્ષરમહોલ વાડી જેતલપુર મો. : ૯૦૯૯૮૮૨૫૦૦**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાંબુડા
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા
૨૦૧/- અ.નિ. પિંડોરીયા વેલજી પ્રેમજી પુણ્ય તિથિ નિમિત્તેમાધાપર (કચ્છ)
૧૦૦૦/- પટેલ રમણલાલ મરઘાભાઈ જીવાભાઈ કોલ્હાપુર (ઉનાવા)
શ્રીજી પ્રસન્નાર્થે
૫૦૧/- પટેલ નાનજીભાઈ શામજીભાઈ ફોટડી(કચ્છ)
છઠ્ઠી પુણ્ય તિથિ નિમિત્તે
૫૦૧/- પટેલ ચંચળબેન પરસોતમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૫૦૧/- પટેલ પરસોતમભાઈ ભુંરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૫૧/- વાઘેલા હિતુભા ગુલાબસિંહ નવી ગાડી લીધી તે નિમિત્તે બામણવા
૧૦૦/- ડોડીયા રણજીતભાઈ બેચરભાઈ ટીંબા
ચિ. કૌશલને નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- ચૌધરી કૌશિકકુમાર લાલજીભાઈ સમૌ
શ્રીહરિકૃપાથી સરકારી નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- પટેલ જેઠાભાઈ લાલદાસ ડાંગરવા
ચિ. મનન ને ધો. ૧૨ માં ૯૦ ટકા આવ્યા તે નિમિત્તે
૨૨૨/- મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૨૨૨/- મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૧/- મહેતા જીવંતિકા લક્ષ્મીકાંત ચિ. તેજસના જન્મ દિને અમદાવાદ
૧૦૧/- મહેતા જીવંતિકાબેન લક્ષ્મીકાંત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૧૧/- સભાયા કિરણભાઈ જી. હિંડોળા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- સોની કાશ્મીરા વિમલ મહેશકુમાર જન્મ દિને અમદાવાદ
૨૦૦/- ઘેલાણી કલ્પેશ નાનુભાઈ ચિ. પુત્રી બ્રિન્જાના જન્મ પ્રસંગે નિકોલ
૧૫૧/- પટેલ આકાશી અનીલભાઈ નવાગામ
ડેન્ટલ ૨જી પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- ગાંગાણી મગનભાઈ વેલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- અમીન સુશીલાબેન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મીસ્ત્રી સુશીલાબેન પ્રાણલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપર
૨૦૦/- પટેલ ઘનશ્યામભાઈ પોપટભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ટ્રેન્ટ
૧૦૧/- પટેલ પાર્થ વિનોદભાઈ શામળભાઈ સાપાવાડા
ધો-૧૨ માં ફર્સ્ટ ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- શેઠ મીત રજનીકાંત ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે બાકોર
૧૦૧/- રાઠોડ અંકિત ટીનુભાઈ સી.એસ.માં પાસ થયા તે નિમિત્તે કાંદીવલી
૧૦૧/- રાઠોડ જય ભૂપેન્દ્ર ધો-૧૨ માં ૮૩ ટકા નિમિત્તે કાંદીવલી
૧૦૦/- ટાંક મહેશભાઈ બાબુભાઈ ચિ. ઉન્નતિના જન્મ પ્રસંગે મીરારોડ
૧૦૦/- જાની મીસા ભાવિકકુમાર જન્મ પ્રસંગે ૮-૮ દહેગામ
૧૦૧/- વરુ હર્ષ રાજેશભાઈ જીરાગઢ
પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૭ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે
૧૦૧/- વરુ દર્શન રાજેશકુમાર જીરાગઢ
પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૭ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે
૧૦૧/- પટેલ મીતાબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૫૦૧/- પટેલ નવકીતકુમાર પંકજભાઈ ઉનાવા
અભ્યાસપૂર્ણ થતા નોકરી મળવા પ્રસંગે
૫૦૧/- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આગામી ૨૦૧૫ માં
ઉનાવા મંદિર રજત જયંતી મહોત્સવ નિમિત્તે
૧૦૦/- પટેલ જીગરભાઈ ઘનશ્યામભાઈ ચિ. દક્ષના જન્મ દિને વહેલાલ
૧૦૧/- પટેલ મૌલિકકુમાર વિક્રમભાઈ ઝુંડાલ
કોલંબીયા યુનિ.માં એડમીશન નિમિત્તે
૨૦૦/- અ.નિ. પટેલ વિશાલ સુરેશભાઈ ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે વાવોલ
૧૦૦/- સોની ઈન્દ્રવદન પોપટલાલ સાણંદ
બ્ર.સ્વા. સંતોષાનંદજીની વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- ટાંક સવિતાબેન ભીખુભાઈ ચિ. ઈશાનના જન્મ દિને રોહીશાળા
૧૦૧/- ઠક્કર કિરીટકુમાર નટવરલાલ ખંભાત
ચિ. ઉત્સવ **UCMAS**માં ફર્સ્ટ નંબર નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ મોહનભાઈ ફુલવાળા અમદાવાદ
મારૂતિ સ્વીફટ ગાડી નિમિત્તે
૧૫૦/- પટેલ કેવલભાઈ અજીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાસણા
૧૦૦/- પટેલ બમ્પુ વિનાયકભાઈ અમેરિકા ટુર નિમિત્તે નાંદોલ
૧૦૦/- ચૌહાણ મેઘનાબા શૈલેન્દ્રસિંહ જન્મ દિને ભોળાદ
૧૦૦/- ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ બળોલ-ભાલ
ચિ. પુત્રી રાજનની સગાઈ નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- રાવલ ગીરીશચંદ્ર રમણીકલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ડોડીયા ગોવિંદભાઈ ગણેશભાઈ ખોલડીયાદ
ચિ. મનીષાબેનની અમેરિકા ટુર નિમિત્તે
૨૦૦/- અ.નિ. પટેલ વિઠ્ઠલભાઈ મોતીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- પટેલ યશોધરભાઈ ચંદ્રવદનભાઈ જન્મ દિને અસલાલી
૧૦૧/- પટેલ આનંદીબેન શંકરભાઈ જન્મ દિને અસલાલી
૧૦૧/- ચાવડા નરેશકુમાર કે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- મોદી અમરતલાલ મણીલાલ હિંડોળા નિમિત્તે સેટેલાઈટ
૧૦૧/- પટેલ કમલેશભાઈ જયંતીભાઈ નવું એકટીવા નિમિત્તે ગવાડા
૧૦૧/- પટેલ ચંચળબેન મનસુખભાઈ શ્રાવણ માસ નિમિત્તે રતનપુર
૧૦૧/- પટેલ ચંચળબેન રમેશભાઈ શ્રાવણ માસ નિમિત્તે રતનપુર
૨૦૦/- અ.નિ. પટેલ કાંતિભાઈ સોમાભાઈના સ્મરણાર્થે અંબાપુર
૧૦૦/- પટેલ લાલભાઈ પ્રભુદાસ હિંડોળા નિમિત્તે જનતાનગર
૧૦૧/- રાઠોડ સ્મિતકુમાર અશોકભાઈ સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે પૂના
૨૧૧/- પટેલ પ્રણવ નટવરભાઈ ચિ. કુશના જન્મ પ્રસંગે કેનેડા
૧૦૧/- પટેલ ઉર્જાબેન દિનેશભાઈ જન્મ દિને બાયડ
૧૦૧/- પટેલ વ્રજ દિનેશભાઈ જન્મ દિને બાયડ
૫૦૦/- પટેલ હાર્દિકકુમાર નટવરભાઈ પ્રથમ પગાર નિમિત્તે ડાંગરવા
૧૦૦/- પટેલ જસુભાઈ પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે માધવગઢ
૧૦૧/- રાઠોડ ભાવના કૌશિક ચિ. પુત્ર દેવના જન્મ દિને મુંબઈ
૧૫૧/- રાઠોડ છગનલાલ મુળજીભાઈ પૌત્રના જન્મ દિને જીરાગઢ

| | | |
|---|---|---|
| ૧૦૧/- | પટેલ યશ દિનેશકુમાર જન્મ દિને | આનંદપુરા |
| ૧૦૧/- | જાદવ અરૂણાબેન ખેંગારભાઈ<br>ચિ. ભાણો મિહીરને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | માલનપુર |
| ૧૦૧/- | પટેલ કીર્તન કૌશિકભાઈ<br>એન્જીનીયરીંગમાં સારા ટકા નિમિત્તે | નારણપુરા |
| ૧૦૧/- | સાપરીયા હિમાંશુ મણીલાલ સી.એ. પાસ નિમિત્તે | બોડકા |
| ૧૦૦/- | પટેલ ડિમ્પલ રાજેશભાઈ ચિ. હિરના ૩ જા જન્મ દિને | વિસતપુરા |
| ૧૦૦/- | વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે | ગરોડીયા |
| ૧૦૧/- | પટેલ શાલિનકુમાર કમલેશભાઈ<br>ધો-૧૨ માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે | સોજા |
| ૧૦૦/- | મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૦/- | ચૌહાણ સિધ્ધરાજસિંહ માધવસિંહ<br>કે.જી.માં એડમીશન નિમિત્તે | ટાંકીયા |
| ૧૦૧/- | અ.નિ. પટેલ ગિરધરલાલ ગણપતરામ<br>૧૦મી પુણ્ય તિથિ નિમિત્તે | માણસા |
| ૫૦૦/- | ચૌહાણ ભીખાજી ભવાનજી શ્રીજી પ્રસન્નાર્થે | ટાંકીયા |
| ૧૦૦/- | પટેલ અનંતિકાબેન ચંદ્રેશકુમાર ૯-૯ જન્મ દિને | બાયડ |
| ૧૦૦/- | પટેલ રોશનકુમાર સુનીલભાઈ જન્મ દિને | બાયડ |
| ૧૦૦/- | અ.નિ. પટેલ ધીરૂભાઈ હિરાભાઈ<br>ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે | આકરૂંદ |
| ૧૦૦/- | કા. પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૦/- | પટેલ જયેશભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ચાંદખેડા |
| ૨૦૦/- | પટેલ જયદિપભાઈ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૧૦૦/- | સુથાર ગોપાલભાઈ સોમનાથ શ્રીજી પ્રસન્નાર્થે | કુંડાલ |
| ૨૦૦/- | પટેલ નયનાબેન પંકજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કરજીસણ |
| ૧૦૦/- | પટેલ હરિશભાઈ કાશીભાઈ<br>ચિ. દર્પણ ઈ.સી.માં ડીગ્રીમાં ૮૨ ટકા નિમિત્તે | લસુન્દ્રા |
| ૧૦૧/- | પટેલ હેત સતીષભાઈ સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | રાજપુર |
| ૧૦૧/- | શ્રીજી એસોસિએટસ મુહૂર્ત નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | ભાવસાર સિદ્ધાર્થ જીગ્નેશભાઈ<br>સીવીલ એન્જી.માં સેમી-૪ માં ૯૪ ટકા નિમિત્તે | વડનગર |
| ૧૦૦/- | ડૉ. રાજશ્રીબેન સ્વામિનારાયણ જન્મ દિને | ધોળકા |
| ૨૦૦/- | પટેલ કિશનકુમાર બિપીનચંદ્ર<br>બી.ઈ. મિકેનિકલમાં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે | વિહાર |
| ૧૫૧/- | પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૧/- | પટેલ બાબુભાઈ આત્મારામ પૌત્રી હિરના જન્મ દિને | વડુવાળા |
| ૧૦૦/- | પટેલ ભાવેશભાઈ ભરતભાઈ જન્મ દિને | કલોલ |
| ૧૦૦/- | પટેલ રૂદ્ર અમિતભાઈ જન્મ દિને | અસલાલી |
| ૧૦૧/- | દરજી મનોજકુમાર અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૨૧૧/- | પટેલ કપીલાબેન સુરેશભા<br>ચિ. અંકિત અભ્યાસાર્થે ઓસ્ટ્રેલીયા ગયો તે નિમિત્તે | સોજા |
| ૧૦૧/- | પટેલ હિરબેન સમીરભાઈ જન્મ દિને | મોખાસણ |
| ૧૦૧/- | ભાવસાર પ્રવિણભાઈ હરિભાઈ<br>એકટીવા લાવ્યા તે નિમિત્તે | ચાંદખેડા |
| ૧૦૧/- | પટેલ જીનીત - ભૂમિકા શ્રીજી પ્રસન્નાર્થે | સોજાવાળા |
| ૧૧૧/- | મોદી ભૂમિકાબેન ભરતભાઈ<br>બી.ઈ.સી.ઈ. માં પાસ થઈ તે નિમિત્તે | નરોડા |
| ૨૫૧/- | પટેલ અર્પણ રાજેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૦/- | ઉપાધ્યાય રેખાબેન કુમુદચંદ્ર જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૧/- | પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાવળા |
| ૧૫૧/- | પટેલ વિનોદભાઈ કોદરભાઈ ચિ. હર્ષને નોકરી<br>મળી અને ઠાકોરજીને વાઘા ધરાવ્યા તે નિમિત્તે | સાપાવાડા |
| ૧૦૦/- | પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાંદોલ |
| ૧૦૦/- | પટેલ અસ્મિતા અજયભાઈ જન્મ દિને | દહેગામ |
| ૧૦૦/- | પટેલ વર્ષાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ન્યુ રાણીપ |
| ૧૦૧/- | પટેલ વિશાલકુમાર જયંતીભાઈ નવી ગાડી નિમિત્તે | વડોદરા |
| ૧૦૧/- | પટેલ ચિરાગ નવી ગાડી નિમિત્તે | ઓસ્ટ્રેલીયા |
| ૧૦૧/- | ઠક્કર કિરીટકુમાર નટવરલાલ<br>ચિ. માનુષી UCMAS માં પાસ થઈ તે નિમિત્તે | ખંભાત |
| ૧૦૦૧/- | એક સત્સંગીબેન શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૨૦૦/- | પટેલ ઉર્જા રાજેન્દ્રકુમાર વિદેશ યાત્રા નિમિત્તે | પોર |
| ૧૦૦/- | વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગરોડીયા |
| ૧૦૦/- | વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગરોડીયા |
| ૨૦૦/- | પટેલ વિરલ ભીખાભાઈ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ ધર્મ સંજયભાઈ જન્મ દિને | નરોડા |
| ૧૫૧/- | પટેલ ભૂપેન્દ્રભાઈ ઉજમદાસ ચિ. ભાણી સૃષ્ટિના જન્મ દિને | વડુ |
| ૧૦૦/- | પટેલ દિનેશભાઈ રામાભાઈ<br>ચિ. પાર્થિવ ધો-૧૦ માં પાસ થયો તે નિમિત્તે | વિહાર |
| ૨૦૦/- | પટેલ દિનેશભાઈ રામાભઈ<br>નવી ગાડી નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | વિહાર |
| ૫૦૦/- | પટેલ બિપીનભાઈ ગોપાળભાઈ<br>ચિ. અભિના જન્મ દિને | અમરાઈવાડી |
| ૧૦૦/- | મોદી અમરતલાલ મગનલાલ જન્માષ્ટમી પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧/- | પટેલ વિષ્ણુભાઈ જેઠાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | સોલા |
| ૧૫૧/- | ડૉ. પટેલ ઈશ્વરભાઈ વશરામભાઈ<br>ચિ. રાકેશના શુભ લગ્ન પ્રસંગે | લાલોડા |
| ૧૫૧/- | પટેલ નિમેષભાઈ ઈશ્વરભાઈ પુત્રના જન્મ પ્રસંગે | લાલોડા |
| ૨૦૧/- | પટેલ ઘનશ્યામભાઈ મુળજીભાઈ પુત્ર જન્મ પ્રસંગે | સાપાવાડા |
| ૧૨૫/- | મકવાણા બંસરી હાર્દિકકુમાર જન્મ દિને | વાપી |
| ૧૨૫/- | મકવાણા તીર્થ હેમાંગભાઈ જન્મદિને | વાપી |
| ૧૦૧/- | પટેલ આર્ય ચિરાગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગોઠીબ |
| ૨૫૧/- | વેગડ જયંતીલાલ સુખલાલ ચિ. કિરણની સગાઈ નિમિત્તે | જીરાગઢ |
| ૨૫૧/- | વરુ દયાળજીભાઈ ચિ. દિનેશની સગાઈ નિમિત્તે | જીરાગઢ |
| ૫૦૧/- | કુ. રીચાબેન - મધુબેન ઘનશ્યામભાઈ,<br>પ.ભ. ઘનશ્યામભાઈના સ્મરણાર્થે | કોઠંબા |
| ૧૧૧/- | ખેર પ્રવિણસિંહ નારાયણભાઈ<br>પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે | બળોલ-ભાલ |
| ૨૦૦/- | ચાવડા વાલીબેન શાંતિભાઈના સ્મરણાર્થે | બળોલ-ભાલ |
| ૧૫૧/- | ખેર ભગવાનભાઈ કાનાભાઈના સ્મરણાર્થે | બળોલ-ભાલ |
| ૧૫૧/- | કુંજલ કેતન ચિ. રુદ્રને અમેરિકાના વિઝા નિમિત્તે | દહેગામ |
| ૫૦૧/- | ઉપાધ્યાય દેવેન્દ્રભાઈ જગન્નાથ<br>બાયપાસ સર્જરી કરાવ્યું તે નિમિત્તે | અમદાવાદ |

## Google માં "જેતલપુરધામની એપ્લીકેશન"

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ તથા ગાદી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં.... પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર મંદિર દ્વારા મોબાઈલ ફોનમાં જ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન, પ્રસાદીના સ્થાનો, કથા, કીર્તન જેવી અન્ય માહિતી મેળવવા માટે "એન્ડ્રોઈડ મોબાઈલ"માં Google માં ટાઈપ કરો "જેતલપુરધામ Jetalpurdham ના રોજ દર્શનનો લાભ મેળવશો.

તા. ૨૫-૮-૨૦૧૪ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે એપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતુ. (મહંત સ્વામી, જેતલપુર)

## શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ (શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ) આગામી ધાર્મિક પરીક્ષા અંગે

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી આગામી ધાર્મિક પરીક્ષા તા. ૧૧-૧-૨૦૧૫ રવિવારના રોજ જે તે સ્થાનિક કેન્દ્રો પર લેવામાં આવશે. બાળ સત્સંગ તથા કિશોર સત્સંગ એમ બે વિભાગની પરીક્ષા લેવાશે.જેથી દરેક કેન્દ્ર સંચાલકોએ પોતાના ગામ-શહેરની પરીક્ષાર્થીની યાદી તા. ૩૦-૧૧-૧૪ સુધી માં નીચેના સરનામે મોકલી આપવી.

મુખ્ય સંચાલકશ્રી,
શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

## અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના હરિમંદિરોના કોઠારીશ્રીએ વચનામૃત - ભક્તચિંતામણી ગ્રંથ મેળવી લેવા

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં કચ્છના સાહિત્યપ્રેમી હરિભક્તો તરફથી વચનામૃત ગ્રંથ અને ભક્તચિંતામણી ગ્રંથ બન્ને ગ્રંથ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના દરેક મંદિરોમાં ભેટરૂપે આપવાના છે. જે આપના વિસ્તારના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પાસેથી મેળવી લેવા. કોઠારી સ્વામી, અમદાવાદ, કાલુપુર મંદિર

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ-કાલુપુર :** શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી (રામ સ્વામી) ગુરુ સ.ગુ. સ્વામી ઘનશ્યામસેવકદાસજી (શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજના માજી પૂજારી) શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તા. ૧૭-૮-૨૦૧૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ગોધાવી :** પ.ભ. મહેન્દ્રસિંહ જામભા વાઘેલાના સુપુત્ર શ્રી વિરેન્દ્રસિંહ (ઉં. વર્ષ ૪૦) તા. ૧૩-૮-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બુબાણા (તા. દશાડા) :** પ.ભ. પ્રભુભાઈ કરશનભાઈ સિંધવ (આપણા પ્રતિ. પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા કાલીયાણના જમાઈશ્રી) તા. ૧૨-૭-૧૪ ગુરુપૂર્ણિમાના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-મેમનગર :** પ.ભ. ચંદ્રકાન્તભાઈ પ્રભુદાસ પટેલ (કુબડથલવાળા-નારણપુરા મંદિરના ટ્રસ્ટીશ્રી) તા. ૧૩-૭-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અંબાપુર :** પ.ભ. કાંતિભાઈ સોમાભાઈ પટેલ તા. ૨૬-૭-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કોઠંબા :** (શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટસ કોલેજ કોઠંબાના માજી પ્રમુખ) પ.ભ. ઘનશ્યામભાઈ સખીદાસ પટેલ તા. ૮-૮-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ-ભાલ :** શ્રીરાધાકૃષ્ણદેવ મૂળીના નિષ્ઠાવાન પ.ભ. ભગવાનભાઈ કાનાભાઈ ખેર તા. ૨૧-૮-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ-ભાલ :** શ્રી શાંતિભાઈ લખમણભાઈ ચાવડાના ધર્મપત્ની વાલીબેન શાંતિભાઈ ચાવડા તા. ૨૨-૮-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧. ડાંગરવા (પાટીદાર)મંદિરમાં શ્રી હરિના અપર સ્વરૂપ પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં દહીં-દૂધ લીલા ઉત્સવ અને કથા પારાયણ. ૨. મૂળી મંદિરમાં જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે શ્રીનરનારાયણદેવ મહોત્સવના ઉપક્રમે વૃક્ષારોપણ કરતાં અને સભામાં હરિભક્તોને વચનામૃત વિતરણ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. મુબારકપુરા મંદિરમાં રોશનીના ભવ્ય હિંડોળા દર્શન. ૪. શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં  ખોખરા મંદિરમાં સત્સંગ સભા, લાલોડા મંદિરમાં બાળ મંડળ દ્વારા સમૂહ મહાપૂજા, મૂળીદેશના ગામોમાં અખંડ ધૂન, અને અમદાવાદ સીટી વિસ્તાર - ઉત્તર ગુજરાતના ગામોમાં વૃક્ષારોપણની પ્રવૃતિઓ કરતા સંત - હરિભક્તો.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2014 valid up to 31-12--2014











૧. ઓકલેન્ડ આપણા મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવની આરતી ઉતારતાં ન્યુઝિલેન્ડના વડાપ્રધાન, ડો. કાંતિભાઈ પટેલ તથા હરિભક્તો.

૨. બોસ્ટન મંદિરના ૮મા પાટોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.

૩. કાલુપુર મંદિરમા જલઝીલણી એકાદશી પ્રસંગે શ્રી ગણપતિજીની આરતી ઉતારી વરઘોડાનો શુભારંભ કરાવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે મહંત સ્વામી આદિ સંતો.




નોંધઃ: કોઈ વિસ્તારમાં ફોર્મ ન પહોંચી શક્યા હોય તો નીચે આપેલ નંબર પર કોન્ટેક્ટ કરવો No.9601263262,9601290833,9925365609







Jagadish Offset
Praful Kharsani